dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 17 । AD - 2026, Aso Sud-07 । Saturday, Dt. 17-10-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

પોલીસે દિલ્હી પોલીસ અધિનિયમ હેઠળ નોટિસ આપીને સેન્ટ્રલ પાર્કમાં ન જવાની સૂચના આપી હતી

દિલ્હીમાં વિરોધ પ્રદર્શન પહેલાં કોંકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપક અને નેહા બોરાની અટકાયત

નવી દિલ્હી, તા. ૧૬

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકની દિલ્હી પોલીસે અટકાયત કરી છે. એઆઈએસએનાં પ્રમુખ નેહા બોરાની પણ પોલીસે અટકાયત કરી હતી. શુક્રવારે સાંજે વિરોધ પ્રદર્શન પહેલાં પોલીસે આ કાર્યવાહી કરી હતી. સીજેપીના સભ્યો સૌરવ દાસ અને આશુતોષ રંકાની ધરપકડના વિરોધમાં અભિજીત દીપકે દિલ્હીના કનોટ પ્લેસ સ્થિત સેન્ટ્રલ પાર્કમાં તિરંગા માર્ચ યોજવાની જાહેરાત કરી હતી. જોકે, તેઓ સેન્ટ્રલ પાર્ક તરફ જઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને નિવારક અટકાયતમાં લીધા હતા. નેહા બોરાને મંડી હાઉસ નજીકથી અટકાયતમાં લેવામાં આવી હતી.પોલીસે શુક્રવારે અભિજીત દીપકના ઘરે જઈને તેમને બે નોટિસ આપી હતી. નવી દિલ્હી પોલીસે દિલ્હી પોલીસ અધિનિયમ હેઠળ નોટિસ આપીને સેન્ટ્રલ પાર્કમાં ન જવાની સૂચના આપી હતી. ત્યાં ભારતીય નાગરિક સુરક્ષા સંબંધિત કાયદાની કલમ ૧૬૩ લાગુ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બીજી નોટિસ દક્ષિણ પશ્ચિમ દિલ્હી પોલીસે આપી હતી. અહેવાલો અનુસાર, સૌરવ દાસ અને આશુતોષ રંકાની ધરપકડ બાદ અભિજીત દીપકને પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા સંબંધિત સૂચનાઓ આપવામાં આવી હતી. વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને કનોટ પ્લેસ, સેન્ટ્રલ પાર્ક અને મધ્ય દિલ્હીના અન્ય વિસ્તારોમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સમગ્ર વિસ્તારમાં છ




હજારથી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. અર્ધલશ્કરી દળોની ૨૨૦ કંપનીઓને પણ તૈયાર રાખવામાં આવી હતી. સેન્ટ્રલ પાર્ક અને રાજીવ ચોકની આસપાસ નવા સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા. રાજીવ ચોક, જંતરમંતર અને પાલિકા બજાર સહિતના વિસ્તારોમાં પોલીસ તથા અર્ધલશ્કરી દળો તૈનાત કરાયા હતા. સેન્ટ્રલ પાર્કમાં સાત સ્તરની સુરક્ષા ગોઠવવામાં આવી હતી, જ્યારે અનેક સ્થળોએ બેરિકેડ પણ ઊભા કરાયા હતા. અભિજીત દીપકે સાંજે પાંચ વાગ્યે તિરંગા માર્ચ યોજવાની જાહેરાત કરી હતી. આ પ્રદર્શનને આમ આદમી પાર્ટી અને ડાબેરી વિદ્યાર્થી સંગઠનો એઆઈએસએ તથા એસએફઆઈએ સમર્થન આપ્યું હતું. નેહા બોરાની અટકાયત સમયે કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. રાજીવ ચોકના ગેટ નંબર છ નજીક લોકો એકત્ર થયા હતા. કેટલાક લોકોએ 'મોદી, મોદી'ના નારા લગાવ્યા હતા, જ્યારે અન્ય પ્રદર્શનકારીઓએ તિરંગા સાથે એસઆઈઆર અને મુખ્ય ચૂંટણી કમિશનર સામે વિરોધ નોંધાવ્યો હતો.દિલ્હી આમ આદમી પાર્ટીના પ્રમુખ સૌરભ ભારદ્વાજે જણાવ્યું હતું કે પાર્ટીના યુવા કાર્યકરોએ રાષ્ટ્રપતિ ભવન અને સંસદ નજીક ૨૭૦ ફૂટ લાંબો તિરંગો ફરકાવ્યો હતો. તેમણે સવાલ કર્યો હતો કે સ્વતંત્ર દેશમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં શું વાંધો છે? બીજી તરફ, એનએસયુઆઈના રાષ્ટ્રીય પ્રમુખ વિનોદ જાખડે દાવો કર્યો હતો કે તેમને તથા અનેક કાર્યકરોને પોલીસ સ્ટેશનોમાં અટકાયતમાં લેવામાં આવ્યા છે. તેમણે પોલીસ પર મહિલાઓ સાથે કથિત ક્રૂરતાનો આરોપ લગાવી વિરોધ ચાલુ રાખવાની જાહેરાત કરી હતી. ભાજપના નેતા ધર્મેન્દ્ર પ્રધાને રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર નિશાન સાધતાં આંદોલનોને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ ગણાવ્યો હતો. ભાજપે જણાવ્યું હતું કે ભારતમાં સત્તા પરિવર્તન માત્ર લોકશાહી પ્રક્રિયા દ્વારા જ થઈ શકે છે.

શેરબજારમાં ગેરરીતિ મામલે અમદાવાદ, ગાંધીનગર, સુરત સહિત ૬ શહેરોમાં ઈડીના ૨૯ સ્થળોએ દરોડા

અમદાવાદ, તા.૧૬

શેરબજારમાં ગેરરીતિ અને કથિત હેરાફેરીના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પીએમએલએ-૨૦૦૨ હેઠળ ઈડીની મુંબઈ ઝોનલ ઓફિસ-૧ દ્વારા મુંબઈ, નાશિક, અમદાવાદ, ગાંધીનગર, સુરત અને ભાવનગર સહિત છ શહેરોના ૨૯ સ્થળોએ એકસાથે દરોડા પાડવામાં આવ્યા છે.તપાસ દરમિયાન કંપનીઓની કચેરીઓ, પ્રમોટરોના નિવાસસ્થાનો, સ્ટોક બ્રોકિંગ અને નાણાકીય પેઢીઓ તેમજ સોશિયલ મીડિયા જૂથો



ચલાવતા શંકાસ્પદ લોકોના સ્થળોએ તપાસ કરવામાં આવી હતી. આ કાર્યવાહી આર.એમ. ડ્રિપ એન્ડ સ્પ્રિંકલર્સ સિસ્ટમ્સ લિમિટેડ અને આર.એન્ડ બી. ડેનિમ્સ લિમિટેડના શેરોમાં થયેલી કથિત હેરાફેરી સાથે સંકળાયેલી છે.તપાસમાં સામે આવ્યું છે કે એપ્રિલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ દરમિયાન બંને કંપનીઓ દ્વારા પસંદગીના લોકોને ૩.૫ કરોડથી વધુ શેર અને કન્વર્ટિબલ વોરંટ જારી કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ચોક્કસ લોકોના હાથમાં શેર રાખીને તેના ભાવ વધારવામાં આવ્યા હોવાની આશંકા છે.ડિસેમ્બર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન વોટ્સએપ જૂથો દ્વારા શેર ખરીદવાની ટિપ્સ આપીને નાના રોકાણકારોને આકર્ષવામાં આવ્યા હતા. જેના પરિણામે શેર ખરીદનારાઓની સંખ્યા ૩,૪૦૦થી વધીને એક લાખથી વધુ થઈ હતી. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વોટ્સએપ જૂથો અચાનક બંધ થતાં બંને કંપનીઓના શેરમાં નીચલી ભાવમર્યાદા લાગી હતી અને ભાવ આશરે ૭૦ ટકા ઘટ્યા હતા.દરોડા દરમિયાન ઈડીને વાંધાજનક દસ્તાવેજો, ડિજિટલ ઉપકરણો, શેરના વ્યવહારોના રેકોર્ડ અને મિલકતના દસ્તાવેજો મળી આવ્યા છે.

દિલ્હીના સેન્ટ્રલ પાર્કમાં પ્રદર્શન સામે તાત્કાલિક આદેશ આપવાનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર

નવી દિલ્હી,તા.૧૬

સુપ્રીમ કોર્ટે શુક્રવારે દિલ્હીના વેપારીઓની અરજી પર તાત્કાલિક આદેશ આપવાનો ઈનકાર કર્યો હતો. કોકરોચ જનતા પાર્ટીના સેન્ટ્રલ પાર્કમાં પ્રસ્તાવિત પ્રદર્શનને કારણે વેપારને અસર થવાની આશંકા વેપારીઓએ વ્યક્ત કરી હતી. પ્રદર્શનના પગલે નવી દિલ્હી નગરપાલિકા પરિષદે સેન્ટ્રલ પાર્ક બંધ કરવાનો આદેશ આપ્યો છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, કનોટ પ્લેસ બજારમાં દરરોજ આશરે રૂ. ૨૦૦ કરોડના વેપારને અસર થઈ શકે છે. દિલ્હી કિરાણા



સમિતિ અને દિલ્હી આયર્ન એન્ડ હાર્ડવેર વેપારી સંગઠને આ અરજી દાખલ કરી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે વેપાર અટકવાથી અનેક પરિવારોની રોજીરોટી પર અસર થઈ શકે છે. જો પ્રદર્શનને કારણે વેપારમાં ગેરકાયદેસર અડચણ ઊભી થશે તો કોર્ટ પોતાની શક્તિઓનો ઉપયોગ કરશે. અરજી પર ઓક્ટોબરના અંતિમ સપ્તાહમાં સુનાવણી થશે. વેપારીઓએ દાવો કર્યો છે કે ૧૦ ઓક્ટોબરથી પ્રદર્શનોને કારણે રૂ. ૨,૦૦૦ કરોડનું નુકસાન થયું છે. કનોટ પ્લેસના વેપારીઓને પણ રૂ. ૧૫૦થી ૨૦૦ કરોડ સુધીનું નુકસાન થયાનો દાવો કરવામાં આવ્યો છે. વેપારી સંગઠનોએ ત્રણ મુખ્ય માંગણીઓ રજૂ કરી છે. બજારો સુધી અવરજવર ચાલુ રાખવી, શહેરના કેન્દ્રથી દૂર પ્રદર્શન માટે અલગ સ્થળ નક્કી કરવું અને પ્રદર્શનના સંચાલન માટે પ્રમાણભૂત કાર્યપ્રણાલી બનાવવી. બીજી તરફ, કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ વેપારને અસર થવા માટે સરકારની નીતિઓને જવાબદાર ગણાવી હતી.

કોંગ્રેસ દેશમાં અરાજકતા ફેલાવવા માંગે છે : રાજનાથ સિંહ

નવી દિલ્હી,તા.૧૬

રક્ષામંત્રી રાજનાથ સિંહે શુક્રવારે દિલ્હીમાં થયેલા પ્રદર્શનોને લઈને કોંગ્રેસ અને તેના સહયોગી પક્ષો પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે વિપક્ષ યુવાનોને ગેરમાર્ગે દોરી રહ્યો છે અને બાંગ્લાદેશની જેમ દેશમાં બળજબરીથી સરકાર બદલવા માંગે છે. તેમનો એજન્ડા લોકતાંત્રિક સંસ્થાઓને નબળી પાડવાનો અને દેશમાં અરાજકતા ફેલાવવાનો છે.રાજનાથ સિંહે કહ્યું કે કોંગ્રેસના શાસનકાળમાં



૧૯૭૫માં કટોકટી લાદવામાં આવી, ૧૯૮૪માં શીખોનો નરસંહાર થયો અને ૧૯૯૦માં કારસેવકો પર ગોળીબારની ઘટનાઓ બની હતી. તેમણે કોંગ્રેસના ઈતિહાસમાં અનેક કાળા અધ્યાયો હોવાનો પણ આરોપ લગાવ્યો હતો. રક્ષામંત્રીએ વધુમાં જણાવ્યું કે 'સત્તા પરિવર્તન' જેવા શબ્દોનો ઉપયોગ દર્શાવે છે કે વિપક્ષની લડાઈ ચૂંટણી સુધારા કે યુવાનોના ભવિષ્ય માટે નથી, પરંતુ કોઈપણ રીતે સત્તા મેળવવા માટેની છે. તેમણે આરોપ લગાવ્યો કે યુવાનોને અરાજકતાની રાજનીતિના મોહરા બનાવવામાં આવી રહ્યા છે.રાજનાથ સિંહે ચૂંટણી પંચની કામગીરી અંગે પણ કોંગ્રેસને ઘેરી હતી. તેમના જણાવ્યા મુજબ, વર્ષ ૧૯૯૩માં રાતોરાત બે નવા ચૂંટણી કમિશનરોની નિમણૂક કરવામાં આવી હતી. તત્કાલીન મુખ્ય ચૂંટણી કમિશનરે નવીન ચાવલાને હટાવવા રાષ્ટ્રપતિને પત્ર લખ્યો હતો, પરંતુ કોંગ્રેસે તેમને બચાવી બાદમાં મુખ્ય ચૂંટણી કમિશનર બનાવ્યા હતા. જોકે, આ તમામ આરોપો અંગે કોંગ્રેસનો પક્ષ અહીં રજૂ થયો નથી.

સંજય રાઉતની CJI સૂર્યકાંત પરની ટિપ્પણી મામલે સુપ્રીમ કોર્ટની નોટિસ

નવી દિલ્હી,તા.૧૬

સુપ્રીમ કોર્ટે શુક્રવારે શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉત પાસેથી મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંત પર કરેલી ટિપ્પણીઓ અંગે સ્પષ્ટતા માગી છે. પત્રકાર નિખિલ વાગલેને પણ આ મામલે નોટિસ જારી કરવામાં આવી છે.રાઉતે ચૂંટણી પંચની કામગીરી અને SIRના મુદે INDIA બ્લોકના નેતાઓને મળવાનો ઈનકાર




કરવા બદલ CJIની ટીકા કરી હતી. આ કાર્યવાહી સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (SCBA) દ્વારા દાખલ કરવામાં આવેલી ફોજદારી અવમાનના અરજીના આધારે કરવામાં આવી છે.કોર્ટે સંસ્થાઓ પર થતા હુમલાને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ ગણાવી બંનેને પૂછ્યું છે કે તેમની સામે અવમાનનાની કાર્યવાહી શા માટે કરવામાં ન આવે.

જોકે, સુપ્રીમ કોર્ટે સંજય રાઉત અને નિખિલ વાગલેને આગામી સુનાવણીમાં વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ આપી છે. હવે બેન્ચ બંનેના જવાબ પર વિચારણા કરશે.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
શનિવાર, તા.૧૭-૧૦-૨૦૨૬

ધાતરવડી-૧ સિંચાઈ યોજનામાંથી ખેડૂતોને સાત પિયત અપાશે

રાજુલા,તા.૧૬



ધાતરવડી સિંચાઈ યોજના-૧ની ઈરીગેશન સલાહકાર સમિતિની બેઠક ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને બજાર નિયંત્રણ બોર્ડના પ્રમુખ જીગ્નેશભાઈના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. બેઠકમાં રાજુલા અને જાફરાબાદ માટે પીવાનું પાણી અનામત રાખી ખેડૂતોને સાત પિયત આપવા અને ૧૨૦ દિવસ કેનાલ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હતો. લાભપાંચમના દિવસે સિંચાઈના ફોર્મ ભરાશે અને તા. ૨૦/૧૧/૨૦૨૬થી કેનાલમાં પાણી શરૂ કરાશે. કેનાલનું સમારકામ, જંગલ કટીંગ, પાણીનો બગાડ અટકાવવા અને છેવાડાના ખેડૂતોને પાણી પહોંચાડવા સૂચના અપાઈ હતી. બેઠકમાં રાજેશભાઈ પરસાણા, રમેશભાઈ ડોબરીયા સહિત આગેવાનો અને ખેડૂતો હાજર રહ્યા હતા. સિંચાઈ વિભાગના કળસરિયા સાહેબ, જાનીભાઈ અને બળુભાઈ જોષીની કામગીરીને બિરદાવાઈ હતી.

રાજુલા-જાફરાબાદ માટે પીવાનું પાણી અનામત, લાભપાંચમથી ફોર્મ ભરાશે અને ૨૦ નવેમ્બરથી કેનાલમાં પાણી છોડાશે

રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે અને ધારાસભ્ય જે.વી.કાકડીયાની હાજરીમાં

ધારીના વીરપુર ગામે ૬૬ કેવી વીજ સબસ્ટેશનનું ભૂમિપૂજન અને ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ

ધારી, તા.૧૬



ધારી તાલુકાના વીરપુર ગામે જેટકો કંપની દ્વારા નવા બનતા ૬૬ કેવી વીજ સબસ્ટેશનનું ભૂમિપૂજન ઊર્જા મંત્રી કૌશિક વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે સંપન્ન કરવામાં આવ્યું હતું. સાથે વીરપુર ગામે નવીન ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ ધારાસભ્ય જેવી કાકડીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રાજકીય આગેવાનો, ભાજપના હોદ્દેદારો, ગામના સરપંચ, ઉપસરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. વીરપુર ખાતે અનેક સુવિધાઓથી સજ્જ ગ્રામ પંચાયતના નવનિર્મિત ભવનને આગેવાનોની હાજરીમાં ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

સા.કુંડલા ટાઉનના ઘરફોડ ચોરીના ગુનામાં એક વર્ષથી નાસતા આરોપીને એલ.સી.બી.એ ઝડપ્યો

અમરેલી,તા.૧૬



અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીઓને પકડવા સૂચના અપાઈ હતી. તે અન્વયે એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી.વાઘેલાની રાહબરી હેઠળ ટીમે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપી રામસિંગ ઉર્ફે રામુ કાલુસિંગ અજનારને ઝડપી પાડ્યો છે.પકડાયેલ આરોપી રહે. રાતમાલીયા, તા.જોબટ, જિ. અલીરાજપુર (મધ્યપ્રદેશ) નો છે.

જનક તળાવીયાના પ્રયાસોથી બાબરા તાલુકામાં સૌની યોજના હેઠળ રૂ.૭૦ કરોડના કામોને મંજૂરી

આ કામોથી સૌની યોજનાનું પાણી વધુ વિસ્તારો સુધી પહોંચશે

અમરેલી,તા.૧૬



સૌરાષ્ટ્રના ખેડૂતો અને ગ્રામજનોને પાણીની સુવિધા વધુ મજબુત બનાવવા રાજ્ય સરકાર દ્વારા સૌની યોજના હેઠળ અમરેલી જિલ્લામાં વાલ્વ તથા પાઈપલાઈનના કામો માટે કુલ રૂ.૨૦૯ કરોડની મંજૂરી આપવામાં આવી છે. જેમાં બાબરા તાલુકા માટે અંદાજીત રૂ.૭૦ કરોડના કામોને મંજૂરી મળતા તાલુકામાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. લાઠી-બાબરા-દામનગરના ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા બાબરા તાલુકાના વિવિધ ગામોમાં પાણીની સમસ્યા અને સિંચાઈની સુવિધા વધારવા સતત રજૂઆતો કરવામાં આવી હતી. તેના પરિણામે આ મંજૂરી મળી છે. આ કામોથી સૌની યોજનાનું પાણી વધુ વિસ્તારો સુધી પહોંચશે અને ખેડૂતોને સિંચાઈમાં મોટી રાહત મળશે. પાણીની સુવિધા વધતા ખેતી અને ગ્રામ્ય વિકાસને વેગ મળશે. આ મંજૂરી બદલ આગેવાનો, ખેડૂતો અને ભાજપના કાર્યકરોએ સરકારનો આભાર માની જનક તળાવીયાને અભિનંદન પાઠવ્યા હતા.

રાજુલાની વિદ્યાર્થિનીનો સ્કેટિંગ સ્પર્ધામાં જિલ્લામાં દ્વિતીય ક્રમ

રાજુલા,તા.૧૬



રાજુલાની સેન્ટ થોમસ સ્કૂલની વિદ્યાર્થિની માન્યા પરીખે ખેલ મહાકુંભ ૨૦૨૬ અંતર્ગત યોજાયેલી સ્કેટિંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને અમરેલી જિલ્લામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિ સાથે માન્યાએ હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં સ્થાન મેળવ્યું છે. માન્યા, ડૉ. મંત્ર પરીખ અને ડૉ. પૂજા પરીખ (દંત ચિકિત્સક)ની દીકરી છે. નાની ઉંમરે રમતગમતના ક્ષેત્રમાં માન્યાએ મેળવેલી આ સફળતા બદલ પરિવારજનો, શાળાના શિક્ષકો અને રમતપ્રેમીઓમાં ખુશી વ્યાપી છે. હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં માન્યા વધુ સારું પ્રદર્શન કરીને સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા પાઠવી છે.

અમરેલીમાં શ્રમિક અન્નપૂર્ણા બૂથનું મંત્રી કૌશિક વેકરિયાના હસ્તે લોકાર્પણ

અમરેલી,તા.૧૬





ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા સંચાલિત શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત અમરેલીના નાગનાથ મંદિર ખાતે કડિયા નાકા પાસે શરૂ કરાયેલા ભોજન બૂથનું રાજ્યના ઊર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીએ શ્રમિકોને પોતાના હાથે ભોજન પીરસીને પ્રારંભ કરાવ્યો હતો. યોજના હેઠળ બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારજનોને માત્ર રૂ. પમાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, મરચાં અને ગોળ સહિતનું પૌષ્ટિક ભોજન મળશે. અઠવાડિયામાં એક વખત સુખડી જેવા મિષ્ટાનનો પણ સમાવેશ કરાયો છે.અમરેલી ઉપરાંત સાવરકુંડલાના ગાંધી ચોક, રાજુલામાં સિવિલ હોસ્પિટલ પાસે, ધારીમાં નવી વસાહત રોડ પર અને કુંકાવાવના જૂના બસ સ્ટેશન પાસે પણ ભોજન બૂથ શરૂ કરાયા છે. ઈ-નિર્માણ કાર્ડ ધરાવતા શ્રમિકો ક્યુ.આર. કોડ અથવા નંબરનું સ્કેનિંગ કરાવી ભોજન મેળવી શકશે. કાર્ડ ન હોય તેવા શ્રમિકો માટે સ્થળ પર હંગામી નોંધણીની વ્યવસ્થા છે, જેના આધારે ૧૫ દિવસ સુધી લાભ મળશે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્ય આશિષ અકબરી, મધુભાઈ હરખાણી સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધારીના ગઢિયા ગામનજીકહિરાવા-પાતળા રોડનો તીવ્ર વળાંક દૂર કરવા રજૂઆત કરાઈ

ધારી,તા.૧૬



ધારી તાલુકાના ગઢિયા ગામના સરપંચની આગેવાની હેઠળ જાગૃત નાગરિકો દ્વારા જિલ્લા પંચાયતના પીડબ્લ્યુડી વિભાગ હસ્તકના નવા બનતા હિરાવા પાતળા રોડ પરના તીવ્ર વળાંકને દૂર કરવા રજૂઆત કરવામાં આવી હતી. આ વળાંક અવારનવાર અકસ્માતનું કારણ બનતો હોવાથી સ્થળ પર જ ઈજનેરને બોલાવી રજૂઆત કરાઈ હતી. સરપંચની મુખ્ય માંગણી મુજબ નવા બનતા રોડના એલાઈમેન્ટમાં ફેરફાર કરી બાજુમાં આવેલી જગ્યાએ નવો પુલ બનાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

અમરેલીમાં માતાજીના ભુવા બનવાના મનદુઃખમાં પુરુષ પર છરીથી હુમલો

ઢીકાપાટુનો મૂઢ માર પણ માર્યો


અમરેલી,તા.૧૬

અમરેલીમાં માતાજીના ભુવા બનવા બાબતે ચાલી રહેલા મનદુઃખમાં એક પુરુષ પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેમને ઢીકાપાટુનો મૂઢ માર પણ મારવામાં આવ્યો હતો. બનાવ અંગે ધીરૂભાઈ નરશીભાઈ માથાસુળીયા (ઉ.વ.૬૫)એ દેવાભાઈ રૂડાભાઈ માથાસુળીયા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગતો અનુસાર, ફરિયાદીના પિતાજી ભુવા હતા. તેમના અવસાન બાદ આરોપીને ભુવા બનવું હતું, પરંતુ ફરિયાદી પોતે માતાજીના ભુવા બનતાં આરોપીએ તેનો ખાર રાખ્યો હતો. આ અદાવતમાં આરોપીએ ફરિયાદીને ગાળો આપી, રસ્તામાં રોકીને પોતાના ઘરે લઈ ગયો હતો. ત્યાં શરીરે ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો. આ ઉપરાંત છરી વડે જીવલેણ હુમલો કરી, મારી નાખવાના ઈરાદાથી માથાના ભાગે ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી હતી.

બનાવ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન. બી. ભટ્ટ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

જે.વી.કાકડીયાના હસ્તે ધારી નવી વસાહત ખાતે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો પ્રારંભ

ધારી,તા.૧૬



ધારી નવી વસાહત ખાતે સરકારની યોજના અંતર્ગત શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો શુભારંભ ધારાસભ્ય જેવી કાકડિયાની ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અનેક રાજકીય આગેવાનોની હાજરી વચ્ચે ધારાસભ્ય જેવી કાકડિયાના વરદ હસ્તે યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ધારી ગામના પ્રતિષ્ઠિત નાગરિકો, આગેવાનો, નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ નગરપાલિકાના સભ્યો સહિતના લોકોએ કાર્યક્રમમાં ખાસ હાજરી આપી હતી. સરકારની આ યોજના શ્રમિકો માટે ઉપયોગી સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



ધારી-અમરેલી રોડ પર લીંબડીયાના નેરા પાસેના ભયજનક વળાંકને દૂર કરવા આવેદનપત્ર પાઠવાયું

ધારી,તા.૧૬


તસવીર : સંજય વાળા

ધારી-અમરેલી રોડ ઉપર લીંબડીયાના નેરા પાસે આવેલો તીવ્ર અને ભયજનક વળાંક વાહનચાલકો માટે જોખમી બન્યો છે. આ વળાંકની ગોળાઈને દૂર કરી અકસ્માતનો ભય ઓછો કરવા માટે ભારતીય જનતા પાર્ટીના અનુસૂચિત જાતિ મોરચાના જિલ્લા મહામંત્રી એસ. એસ. પરમારની આગેવાની હેઠળ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. આવેદનપત્રમાં મુખ્ય માંગણી કરવામાં આવી હતી કે ભયજનક વળાંકની ગોળાઈને તાત્કાલિક અસરથી દૂર કરવા માટે યોગ્ય કામગીરી હાથ ધરવામાં આવે, જેથી વાહનચાલકોને પડતી મુશ્કેલીઓ દૂર થઈ શકે. આ ઉપરાંત સીટી તલાટી અને મહેસુલી તલાટીની કામગીરી બાબતે યોગ્ય નિકાલ લાવવા માટે પણ રજૂઆત કરવામાં આવી હતી. તેમજ ૧૬ નંબરનું પત્રક કાઢવાની કામગીરીમાં મુખ્ય કર્મચારીની ભૂમિકા નક્કી કરવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી હતી. રજૂઆતને ધ્યાને લઈ સંબંધિત તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

બગસરાની નર્સિંગ કોલેજ રાજકોટ નહીં ખસેડાય, ધારાસભ્ય જે.વી. કાકડીયાની સફળ રજૂઆત

અમરેલી,તા.૧૬



બગસરામાં આવેલી નર્સિંગ કોલેજને જર્જરીત બિલ્ડીંગના કારણે રાજકોટ ખસેડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જોકે, સ્થાનિક ધારાસભ્ય જે.વી. કાકડીયાએ આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ સમક્ષ રજૂઆત કરતા હવે આ કોલેજને બગસરામાંથી અન્યત્ર નહીં ખસેડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી ફેલાઈ છે.આ અંગે ધારાસભ્ય જે.વી. કાકડીયાએ જણાવ્યું હતું કે, તેમણે ગઈકાલે જ આરોગ્ય મંત્રી પ્રફુલભાઈને આ વિસ્તારના લોકોની લાગણી અને નર્સિંગ કોલેજ બગસરામાં જ ચાલુ રહે તે અંગે રજૂઆત કરી હતી. છેલ્લા ૧૭ વર્ષથી બગસરામાં નર્સિંગ કોલેજ કાર્યરત છે. કોલેજનું બિલ્ડીંગ જર્જરીત હોવાના કારણે આચાર્યની રજૂઆત બાદ કોલેજને રાજકોટ ખસેડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.જોકે, વિસ્તારના વિદ્યાર્થીઓ અને લોકોની લાગણીને ધ્યાનમાં રાખીને આરોગ્ય મંત્રીએ બગસરાની નર્સિંગ કોલેજ અન્યત્ર ન ખસેડવા માટે જરૂરી સૂચનાઓ આપી દીધી છે. આજે આરડીડી દ્વારા રૂબરૂ સ્થળ તપાસ કરવામાં આવી હતી. તપાસ બાદ હાલની જર્જરીત બિલ્ડીંગમાંથી કોલેજને બાજુમાં ખસેડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બીજી તરફ, હાલના જર્જરીત બિલ્ડીંગના સ્થાને નવા કોલેજ બિલ્ડીંગ અને હોસ્ટેલ બિલ્ડીંગના નિર્માણકાર્યને પણ બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ કામ ટૂંક સમયમાં શરૂ થવાની શક્યતા છે. કોલેજ બગસરામાં જ ચાલુ રહેવાના નિર્ણયથી વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે.

ખડાધાર ચેક પોસ્ટ પરથી બાઈક પર થતી ઈંગ્લિશ દારૂની ખેપ ઝડપાઈ

ખાંભા,તા.૧૬

ખાંભા તાલુકાની ખડાધાર ચેક પોસ્ટ પરથી બાઈક પર કરવામાં આવી રહેલી ઈંગ્લિશ દારૂની ખેપ પોલીસે ઝડપી પાડી છે. પોલીસમાંથી મળતી માહિતી અનુસાર, મનુભાઈ કાનજીભાઈ વાઘેશી તથા ભરતભાઈ ભનુભાઈ ઓઢવીયા નામના બે ઈસમો બાઈક પર દારૂની ખેપ મારતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે તેઓની પાસેથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની ૭૨ બોટલ જપ્ત કરી હતી. પોલીસે દારૂ અને બાઈક સહિત કુલ રૂ. ૩૬,૪૮૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત, અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળોએથી પોલીસે ૨૭ ઈસમોને દેશી દારૂ સાથે પકડી પાડ્યા હતા, જ્યારે ૧૩ ઈસમો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા-ફરતા ઝડપાયા હતા.

અમરેલી જિલ્લામાં સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનને વ્યાપક પ્રતિસાદ

અમરેલી, તા.૧૬



અમરેલીમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. છેલ્લા એક મહિનામાં જિલ્લામાં ૧૦ નવા યોગ વર્ગો શરૂ થતાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ યોગ પ્રત્યે જાગૃતિ વધી છે.

જિલ્લા કો-ઓર્ડિનેટર સાગર મહેતાના જણાવ્યા અનુસાર અમરેલી જિલ્લામાં હાલમાં ૭૦થી વધુ નિયમિત યોગ વર્ગો કાર્યરત છે, જેમાં ૧૦૦થી વધુ યોગ ટ્રેનરો અને કોચ સેવા આપી રહ્યા છે. દરરોજ ૧૦૦થી વધુ યોગ સાધકો નિયમિત યોગાભ્યાસ કરે છે. બાબરા તાલુકાના મોટા દેવળિયા, લીલીયા તાલુકાના કાંકચ અને ખાંભા તાલુકાના ઓઢા બાપુના સમઢિયાળા સહિતના ગામોમાં યોગનો લાભ મળી રહ્યો છે. યોગ સંવાદ દ્વારા લોકોને જાગૃત કરી નવા યોગ વર્ગો શરૂ કરવા પ્રોત્સાહિત કરાઈ રહ્યા છે. યોગપ્રેમીઓ અને યુવાનોને અભિયાનમાં જોડાવા અપીલ કરાઈ છે.

લાઠીની પીએમશ્રી કન્યાશાળામાં વાર્ષિક તપાસણી યોજાઈ



અમરેલી,તા.૧૬

લાઠીની પીએમ શ્રી કન્યાશાળામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કે.વી. મિયાણી દ્વારા વાર્ષિક શાળા તપાસણી કરવામાં આવી હતી. આ દરમિયાન વાલી મિટિંગનું પણ આયોજન કરાયું હતું. મિટિંગમાં શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, માતા જૂથના વાલીઓ અને શાળાના હિતમાં કામ કરતા જાગૃત વાલીઓને આમંત્રિત કરાયા હતા. જેમાં શાળાની ભૌતિક જરૂરિયાતો અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

લીલીયા સરકારી કોલેજમાં ડિજિટલ અર્થતંત્ર અને હિન્દી સંશોધન અંગે રાજ્યકક્ષાની કાર્યશાળા યોજાઈ

લીલીયા,તા.૧૬



લીલીયામોટા ખાતે સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં કેસીજીના આર્થિક સહયોગ અને માર્ગદર્શન હેઠળ એક દિવસીય રાજ્યકક્ષાની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આઈક્યુએસી, વાણિજ્ય, અર્થશાસ્ત્ર અને હિન્દી વિભાગ દ્વારા સંયુક્ત રીતે યોજાયેલ કાર્યશાળામાં ડિજિટલ અર્થતંત્ર, આધુનિક વાણિજ્ય અને ડિજિટલ યુગમાં હિન્દી સંશોધન અંગે સત્રો યોજાયા હતા. આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં ડૉ. દિલીપ ગજેરા અને ડૉ. રાજીવ આર. ડાંગર વિષય નિષ્ણાત તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે એઆઈ સાધનો, ઓનલાઈન સંશોધન, ઈ-કોમર્સ, ફિનટેક, સાયબર સુરક્ષા અને ડિજિટલ પેમેન્ટ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન કરણભાઈ ઓડેદરાએ કર્યું હતું. મોટી સંખ્યામાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

લીલીયા તાલુકાના પૂંજાપાદર ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતાં છ ઝડપાયા

પોલીસે રૂ. ૧૧,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

લીલીયા,તા.૧૬

લીલીયા તાલુકાના પૂંજાપાદર ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેર શેરીમાં જુગાર રમી રહેલા છ ઈસમોને પોલીસે રોકડ રકમ સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રૂ. ૧૧,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસમાંથી મળતી વિગતો અનુસાર, નરેશભાઈ ઉર્ફે ટીણો રમેશભાઈ ભટ્ટ, મહેશભાઈ ઉર્ફે ગોગન મુકુંદભાઈ ભટ્ટ, અમીનભાઈ સતારભાઈ જેઠવા, રાજેન્દ્રભાઈ રમેશભાઈ મકવાણા, હાજમભાઈ ગુલાબભાઈ વાઘેલા તથા વાલજીભાઈ નારણભાઈ ચુડાસમા નામના ઈસમો પૂંજાપાદર ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેર શેરીમાં પૈસા-પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રહ્યા હતા.

દરમિયાન પોલીસે દરોડો પાડી આ તમામ છ ઈસમોને રોકડા રૂ. ૧૧,૯૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડયા હતા. આ મામલે લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ સી. બી. ટીલાવત વધુ તપાસ ચલાવી રહ્યા છે.

લાઠીના નાના રાજકોટ ગામે વાડીએ સગીરાએ ઝેરી દવા પીધી

લાઠી, તા. ૧૬

લાઠી તાલુકાના નાના રાજકોટ ગામે વાડી વિસ્તારમાં એક સગીરાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતાં ચકચાર મચી ગઈ છે. બનાવ અંગે પોલીસમાંથી જાહેર થયેલી વિગતો અનુસાર, સગીરાએ તેના પિતાએ ભાગવી રાખેલી વાડીની ઓરડીમાં કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. એન. ગરેયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ધારીના વાઘાપરા ગામની પરિણીતાને પતિએ જાનથી મારવાની ધમકી આપી

ધારી,તા.૧૬

ધારીના વાઘાપરા વિસ્તારની એક પરિણીતાને તેના પતિએ જાનથી મારવાની ધમકી આપ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ અંગે શોભાબેન અશ્વિનભાઈ સોલંકી (ઉં.વ.૩૫)એ જૂનાગઢના બીલખા ખાતે રહેતા તેમના પતિ અશ્વિનભાઈ ભીખુભાઈ સોલંકી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપી પતિ પરિણીતા સાથે નાની-નાની વાતોમાં ઝઘડો કરીને મેણાં-ટોણાં મારતો હતો. આ ઉપરાંત જેમ ફાવે તેમ ગાળો આપી, શારીરિક તથા માનસિક ત્રાસ આપતો હતો. તેમજ પરિણીતાને મૂઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બનાવ અંગે ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે. વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

અવસાન નોંધ

બગસરા

બગસરા નિવાસી હાલ જેતપુર સ્વ. લક્ષ્મણભાઇ ગોવાભાઈ બાબરીયાના પુત્ર છગનભાઇ લક્ષ્મણભાઇ બાબરીયા ઉંમર વર્ષ ૮૦ તે ભાવેશભાઈ, સુધાબેન, પારૂલબેન,જીજ્ઞાશાબેન, ના પિતાશ્રી તેમજ લાલજીભાઈ, સ્વ. ભોળાભાઈ, કરશનભાઇના ભાઈનુ તા.૧૫ ને ગુરૂવાર ના રોજ દુઃખ અવસાન થયેલ છે. સદ્ગતનુ બેસણું તા.૧૭ને શનિવારે બપોરે ૪ થી ૬ લોહાણા મહાજન વાડી બગસરા ખાતે રાખેલ છે.





તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૬૯/૨૬ તા.૦૮/૦૬/૨૦૨૬

વિવાદી :- શ્રી વાઘાણી રમેશભાઈ ભીખાભાઈ
રહે.પ્રતાપગઢ તા.લાઠી જિ.અમરેલી
મો.નં.૯૫૩૭૫ ૭૦૫૮૧

-//વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી -વ- તલાટી-કમ-મંત્રીશ્રી
મુ.પ્રતાપગઢ, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.પ્રતાપગઢ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો વાઘાણી રમેશભાઈ ભીખાભાઈ નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫ ના રોજ પ્રતાપગઢ, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મ ની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૨/૦૫/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના ૧૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી



રાજુલાના ઝાંપોદર ગામે વાવાઝોડા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનની મોકડ્રિલ યોજાઈ

અમરેલી, તા.૧૬



ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની સૂચના અન્વયે અમરેલી જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ રાજુલા તાલુકાના ઝાંપોદર ગામે વાવાઝોડા સંદર્ભે મોકડ્રિલ યોજાઈ હતી. જેમાં વિવિધ વિભાગો દ્વારા આપત્તિ સમયે બચાવ અને રાહત કામગીરીનું નિદર્શન કરવામાં આવ્યું હતું. મોકડ્રિલ દરમિયાન જોખમી વિસ્તારમાંથી નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડી સરકારી શાળામાં આશ્રય આપવાની કામગીરી કરવામાં આવી હતી. વાવાઝોડાથી રસ્તા પર વૃક્ષો ધરાશાયી થતાં માર્ગ ખુલ્લો કરવાની કામગીરી પણ દર્શાવવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક સારવાર આપવાની પ્રક્રિયા સમજાવવામાં આવી હતી. નાગરિકોને સાવચેતી રાખવા અને તંત્રની સૂચનાઓનું પાલન કરવા માર્ગદર્શન અપાયું હતું. આ આયોજનમાં ફાયર વિભાગ, પોલીસ, શિક્ષણ વિભાગ, આપદા મિત્ર, મામલતદાર કચેરી, પોર્ટ ઓફિસ જાફરાબાદ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

રાજુલામાં તહેવારોને લઈ ફરસાણના વેપારીઓ સાથે ડેપ્યુટી કલેક્ટરે બેઠક યોજી

દશેરા અને દિવાળીમાં યોગ્ય ભાવે તાજું અને ગુણવત્તાયુક્ત ફરસાણ વેચવા વેપારીઓને અપાઈ સૂચનાઓ

રાજુલા,તા.૧૬



તસવીર : ગોપાલ રાઠોડ

આગામી દશેરા અને દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને રાજુલાના ડેપ્યુટી કલેક્ટર દ્વારા ફરસાણના વેપારીઓની બેઠક યોજવામાં આવી હતી. જેમાં ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર સહિતના અધિકારીઓ અને શહેરના વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં તહેવારો દરમિયાન ગ્રાહકોને યોગ્ય ભાવે તાજું અને ગુણવત્તાયુક્ત ફરસાણ મળી રહે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. વેપારીઓને મનસ્વી ભાવ ન લેવા અને ગ્રાહકોને કોઈ અગવડતા ન પડે તેની તકેદારી રાખવા જણાવાયું હતું. જાહેર માર્ગો પર અવરજવરમાં અડચણ ન થાય તે રીતે વેપાર કરવા પણ સૂચના અપાઈ હતી. તહેવારોમાં નાગરિકોના હિતનું રક્ષણ થાય અને શહેરમાં વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અમરેલી શહેરમાં મહિલાને માથાના ભાગે ઈંટનો ઘા માર્યો

અમરેલી, તા. ૧૬

અમરેલીમાં એક મહિલાને માથાના ભાગે ઈંટનો ઘા મારી ઈજા પહોંચાડવાની ઘટના સામે આવી છે. બનાવ અંગે રોજીનાબેન યુસુફખાન પઠાણ (ઉં.વ.૪૦)એ સોહિલ રજાકભાઈ ચૌહાણ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીએ રોજીનાબેનના ઘરે આવી તેમની તેમજ તેમના પરિવારના સભ્યો સાથે ઝઘડો કરી ગાળો આપી હતી. આ ઉપરાંત આરોપીએ રોજીનાબેનને માથાના ભાગે ઈંટનો ઘા ઝીંકી ઈજા પહોંચાડી હતી અને પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજુલા તાલુકાના વાવેરા ગામે ખેડૂતને બળદગાડામાંથી નીચે ઉતારી ફટકાર્યો

મોઢું દબાવી પથ્થરના છૂટા ઘા પણ માર્યા

રાજુલા,તા.૧૬

રાજુલા તાલુકાના વાવેરા ગામે એક ખેડૂતને બળદગાડામાંથી નીચે ઉતારી ફટકારવામાં આવ્યા હોવાની ઘટના સામે આવી છે. આ ઉપરાંત આરોપીઓએ મોઢું દબાવી પથ્થરના છૂટા ઘા પણ માર્યા હતા. બનાવ અંગે કાળુભાઈ અરજણભાઈ બારૈયા (ઉં.વ.૬૪)એ જેન્તીભાઈ પ્રેમજીભાઈ બારૈયા, ધનાભાઈ રાઘવભાઈ બારૈયા, ભરતભાઈ પ્રેમજીભાઈ બારૈયા તથા મનિષાબેન જેન્તીભાઈ બારૈયા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, કાળુભાઈ પોતાની વાડીએથી બળદગાડું લઈને ઘરે જઈ રહ્યા હતા, તે દરમિયાન જેન્તીભાઈ બારૈયાએ તેમને જેમ ફાવે તેમ ગાળો આપી બે લાફા મારી દીધા હતા.

આ સમયે અન્ય આરોપીઓએ પણ ગાળો આપી હતી. ત્યારબાદ ધનાભાઈ રાઘવભાઈ બારૈયાએ તેમને બળદગાડામાંથી નીચે ઉતારી શરીરે ઢીકાપાટુનો માર મારી મૂઢ ઈજાઓ પહોંચાડી હતી, જ્યારે ભરતભાઈએ તેમનું મોઢું દબાવી રાખ્યું હતું. આ સિવાય જતાં-જતાં જેન્તીભાઈએ પથ્થરનો છૂટો ઘા મારી કાળુભાઈને જમણા હાથે કોણી પાસે ઈજા પહોંચાડી હતી. બનાવ બાદ ચારેય આરોપીઓ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી નીકળી ગયા હતા. બનાવ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. કે. ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બાબરાના ચોરીના ગુનામાં એક વર્ષથી ફરાર આરોપી પોરબંદરથી ઝડપાયો

અમરેલી,તા.૧૬



અમરેલી LCB અને પેરોલ-ફર્લો સ્કવોડે બાબરા પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં એક વર્ષથી ફરાર આરોપી સંજય ઉર્ફે સી જે મનુ વાઘેલાને પોરબંદર બસ સ્ટેન્ડ પરથી ઝડપી પાડ્યો હતો. બાબરા તાલુકાના નાની કુંડળ ગામે મકાનના તાળા તોડી સોનાના દાગીના અને રોકડની ચોરી કરાઈ હતી. આ ગુનામાં આરોપીનું નામ ખુલ્યું હતું. આરોપી સામે અન્ય પોલીસ સ્ટેશનોમાં પણ ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું હતું. આરોપીને બાબરા પોલીસને સોંપવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

અમરેલી અને ખાખરિયા ગામે મહિલા કિસાન દિવસની ઉજવણી

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લા કક્ષાએ અને બાબરા તાલુકાના ખાખરિયા ગામે મહિલા કિસાન દિવસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી હતી. "વિકસિત કૃષિ અને વિકસિત ભારતના નિર્માણમાં મહિલા ખેડૂતોની ભૂમિકા" થીમ આધારિત કાર્યક્રમમાં ખેતી ક્ષેત્રે મહિલાઓના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું. આત્મા ડિરેક્ટોરેટ અને સમેતી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ આત્મા અને પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. કૃષિ ભવન, નવી દિલ્હી ખાતે યોજાયેલા રાષ્ટ્રીય કાર્યક્રમનું લાઈવ પ્રસારણ પણ બતાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર એમ.ઝેડ.ઝીડ, કે.વી.કે.ના વડા ડો. મીનાક્ષીબેન બારૈયા, દિલીપભાઈ ચાવડા સહિત કૃષિ નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા. મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી, પેદાશોના સારા ભાવ મેળવવા અને કૃષિ આધારિત નવા વ્યવસાયો શરૂ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

અમરેલી શહેરની ઘટના

પિતાની મિલકત આપી દેવાની શંકામાં મહિલા પર હુમલો

અમરેલી,તા.૧૬

અમરેલી શહેરમાં પિતાની મિલકત આપી દેવાની શંકામાં એક મહિલા પર હુમલો કરવામાં આવ્યો હતો. આ મુદ્દે બંને પક્ષોએ સામસામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જ્યોતિબેન રાજુભાઈ સોલંકી (ઉં.વ. ૪૫)એ રાજુભાઈ ગફુરભાઈ વાઘેલા, કૈલાશબેન રાજુભાઈ વાઘેલા, સોનલબેન રાજુભાઈ વાઘેલા તથા કમલેશભાઈ કજુભાઈ વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, રાજુભાઈ વાઘેલાને શંકા હતી કે તેઓના પિતાજી પોતાની મિલકત જ્યોતિબેનને આપી દેશે. આ જ શંકા રાખી આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ મોઢાના ભાગે લોખંડનો સળિયો મારતાં છએક ટાંકા આવ્યા હતા તથા સાક્ષીઓને પણ ઢીકાપાટુનો માર માર્યો હતો. સામે પક્ષે, કૈલાશબેન રાજુભાઈ વાઘેલા (ઉં.વ. ૪૫)એ કિશનભાઈ રાજુભાઈ વાઘેલા, જ્યોતિબેન રાજુભાઈ સોલંકી, જયશ્રીબેન ગફુરભાઈ વાઘેલા તથા રાજુભાઈ કેશુભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. તે મુજબ, કિશનભાઈ વાઘેલાએ કૈલાશબેનના પતિને પોતાનું ઘર ખાલી કરી દેવાનું કહેતા પતિએ 'કાલે ખાલી કરી દઈશું' તેમ કહ્યું હતું. આથી કિશનભાઈએ તેમના પતિને જેમ ફાવે તેમ ગાળો આપી હતી અને વાળ પકડી ઢીકાપાટુનો મુંઢ માર મારી માથામાં પથ્થર મારી એક ટાંકો આવે તેવી ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત તેમના નાના દીકરા કમલેશનું ગળું પકડી તેને પણ ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. આ મામલે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી. સૈયદ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: સાતમ
તા.૧૭-૧૦-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૨૨,
સૂર્યાસ્ત-૦૫:૪૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૂળ

દૈનિક રાશિફળ

તા.૧૭-૧૦-૨૦૨૬ શનિવાર

મેષ: આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. પરંતુ વ્યવસાય તરફ ધ્યાન આપવું એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ.

વૃષભ: આજે આજે ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે. સામાજિક અને કાર્યક્ષેત્રમાં તમારું માન અને પ્રભાવ આજે વધવા જઈ રહ્યો છે.

મિથુન: આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે.

કર્ક: આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે. શુભ અથવા ધાર્મિક કાર્યો આજે પરિવારમાં થઈ શકે છે.

સિંહ: આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠાથી મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો.

કન્યા: આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. આજે વ્યાવસાયિક સ્થળાંતર તમારા માટે શુભ સાબિત થશે.

તુલા: આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતામાં વિતાવશો. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની ચિંતા કરી શકો છો, તમારે તેમની સંભાળ લેવી પડશે.

વૃશ્ચિક: આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે. આજે ઓફિસના કામમાં સુધારો કરવાની જરૂર છે, જે તમને સારા પરિણામ આપશે.

ધન: આ દિવસે તમે ઘરની કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર મળી શકે છે.

મકર: આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. આજે તમારા વ્યક્તિત્વમાં એક અલગ આકર્ષણ રહેશે અને લોકો તમારાથી પ્રભાવિત થશે.

કુંભ: આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે. તેમનું સન્માન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે.

મીન: ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે. આજે તમારી જાતે વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો.

ડેડાણ ગામે ઉકરડો હટાવવાની જૂની અદાવતમાં તબેલા માલિક પર જીવલેણ હુમલો

ખાંભા, તા. ૧૬

ખાંભા તાલુકાના ડેડાણ ગામે પાટી જવાના રસ્તે આવેલા તબેલા સામે ઉકરડો કરવા બાબતે ઠપકો આપવાની જૂની અદાવત રાખી બે શખ્સોએ તબેલા માલિક પર લોખંડના હથિયાર વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડ્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ અંગે અફજલભાઈ અલારખભાઈ બોળાતર (ઉં.વ. ૩૧)એ આસીફભાઈ અલ્તાફભાઈ બોળાતર તથા અલ્તાફભાઈ જુસબભાઈ બોળાતર સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ડેડાણ ગામે પાટી જવાના રસ્તે તેમનો ભેંસોનો તબેલો અને જમીન આવેલાં છે. આ તબેલાના ડેલાની આગળ આરોપી અલ્તાફભાઈએ ઉકરડો કર્યો હોવાથી અફજલભાઈએ ઉકરડો હટાવી લેવા બાબતે ઠપકો આપ્યો હતો. આ બાબતનું મનદુઃખ રાખી બંને આરોપીઓ અવારનવાર તેમની સાથે બોલાચાલી કરી ઝઘડો કરતા હતા.દરમિયાન ગત તા. ૧૪ ઓક્ટોબરના રોજ રાત્રિના આશરે ૯:૩૦ વાગ્યાની આસપાસ બંને આરોપીઓએ જૂની અદાવત રાખી તેમને જેમ ફાવે તેમ ગાળો ભાંડી હતી. તેવામાં એક આરોપીએ લોખંડના હથિયાર વડે તેમના માથાના ભાગે બે ઘા તેમજ ડાબા લમણા પર એક ઘા ઝીંકી દીધો હતો.

આ હુમલાને પગલે તેમને માથામાં સાત ટાંકા આવ્યા હતા તેમજ વાંસામાં જમણી બાજુ ખભા નીચે પણ લોખંડના હથિયારથી બે ઘા મારી મૂઢ ઈજા પહોંચાડી હતી.આ ઉપરાંત, બીજા આરોપીએ પણ બીભત્સ ગાળો આપી છાતી તેમજ શરીરના અન્ય ભાગો પર આડેધડ ઢીકાપાટુનો માર માર્યો હતો.

હુમલો કર્યા બાદ બંને શખ્સો તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ અરૂણભાઈ પુનાભાઈ રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

માથામાં લોખંડના ઘા ઝીંકી જાનથી મારી નાખવાની ધમકી

સાવરકુંડલામાં યુવકે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

સાવરકુંડલા,તા.૧૬

સાવરકુંડલા શહેરમાં એક યુવકે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતાં અરેરાટી વ્યાપી ગઈ છે. બનાવ અંગે લતાબેન ભાવેશભાઈ કમાણી (ઉં.વ.૩૫)એ પોલીસમાં જાહેર કર્યા મુજબ, તેમના પતિ ભાવેશભાઈ નાજાભાઈ કમાણીએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરના રૂમમાં પંખા કે કડી સાથે ગળાફાંસો ખાઈ લીધો હતો, જેથી તેમનું મોત નીપજ્યું હતું.

રાજુલાના ભેરાઈ ગામે નવી સરકારી પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરાયું

રાજુલા,તા.૧૬



રાજુલાના ભેરાઈ ગામમાં નવી સરકારી પ્રાથમિક શાળાનું લોકાર્પણ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમથી ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. નવી શાળાના નિર્માણથી ગામના બાળકોને શિક્ષણની વધુ સારી સુવિધાઓ મળશે. ગુજરાત સરકાર ગ્રામ્ય વિસ્તારના બાળકોને સારૂ શિક્ષણ મળી રહે તે માટે સતત પ્રયાસો કરી રહી છે. શિક્ષણ એ ઉજ્જવળ ભવિષ્યનો પાયો હોવાથી બાળકોને આધુનિક શૈક્ષણિક સુવિધાઓ મળે તે જરૂરી છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના પ્રયાસોથી ભેરાઈ ગામના બાળકોને આ નવી સુવિધા મળી છે. લોકાર્પણ પ્રસંગે ગ્રામજનોએ ધારાસભ્ય અને ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

ચલાલા-મીઠાપુરના ગાયત્રી સંસ્કાર ધામમાં નવરાત્રી મહોત્સવ યોજાયો

અમરેલી,તા.૧૫



ચલાલા-મીઠાપુર ખાતે આવેલા ગાયત્રી સંસ્કાર ધામમાં નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલ અને ગાયત્રી સંસ્કાર શાળાના વિદ્યાર્થીઓ સહિત બાળકોએ વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક પાત્રોની વેશભૂષા ધારણ કરી હતી. બાળકોએ વિવિધ પાત્રોને જીવંત રજૂ કરતા ઉપસ્થિત લોકોએ ખુશી વ્યક્ત કરી હતી. આ મહોત્સવનો મુખ્ય હેતુ બાળકોની પ્રતિભાને પ્રોત્સાહન આપવા સાથે ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક પરંપરા અને સંસ્કારોનું જતન કરવાનો હતો. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું.


તંત્રી લેખ

અમેરિકામાંથી ભવિષ્ય છોડીને પાછા ફરતા ભારતીયો

એક સમય હતો જ્યારે અમેરિકા જવું એટલે જીવન સફળ થઈ ગયું એવું માનવામાં આવતું હતું. ઊંચો પગાર, મોટી ગાડી, પોતાનું ઘર અને ડોલરમાં કમાણી એ દરેક યુવાનનું સપનું હતું. ગુજરાતના અનેક પરિવારોના યુવાનો અમેરિકામાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે સ્થાયી થયા હતા. જોકે, છેલ્લા કેટલાક સમયથી અમેરિકામાં નોકરીની અનિશ્ચિતતા અને આર્થિક મુશ્કેલીઓના કારણે ઘણા ભારતીય યુવાનો બધું છોડીને ભારત પાછા ફરવા મજબૂર બની રહ્યા છે. અમેરિકામાં વર્ષે એક લાખ ડોલર જેટલું પેકેજ મેળવનારા અનેક આઈટી પ્રોફેશનલ્સને નોકરી ગુમાવવી પડી છે. નોકરી ગયા પછી વિઝાની સમયમર્યાદામાં બીજી નોકરી મેળવવી જરૂરી બને છે. જો સમયસર નોકરી ન મળે તો અમેરિકા છોડવાની સ્થિતિ ઊભી થાય છે. પરિણામે વર્ષોની મહેનતથી બનાવેલું જીવન છોડીને વતન પરત આવવું પડે છે. ડલાસમાં સાડા છ વર્ષથી રહેતા એક ભારતીય યુવાનનું ઉદાહરણ આ પરિસ્થિતિ દર્શાવે છે. તેની ગ્રીન કાર્ડ અરજી નામંજૂર થઈ અને નોકરી પણ ગુમાવી હતી. મકાનનું દર મહિને અઢારસો ડોલર ભાડું અને અન્ય ખર્ચાઓને ધ્યાનમાં રાખીને તેણે ભારત પરત ફરવાનો નિર્ણય કર્યો. બાદમાં તેને જાણવા મળ્યું કે તેની કાર સ્ક્રેપયાર્ડમાં મોકલી દેવાઈ હતી અને ઘરનો સામાન પણ ફેંકી દેવામાં આવ્યો હતો. અમેરિકામાં નવ્વાણું હજાર ડોલરનું પેકેજ મેળવનારો આ યુવાન આજે હૈદરાબાદમાં પાંત્રીસ લાખ રૂપિયાના પેકેજ પર કામ કરી રહ્યો છે. પગાર ઓછો થયો, પરંતુ તેને સ્થિર જીવનની આશા મળી છે. ટેક્સાસના સેલિના, ફ્રિસ્કો, મેલિસા અને મેકકિની જેવા વિસ્તારોમાં પણ મકાનો અને લોનને લગતી મુશ્કેલીઓ જોવા મળી રહી છે. ઊંચા વ્યાજદર અને મકાનોના ભાવમાં ઘટાડાને કારણે કેટલાક પરિવારો માટે હપ્તા ભરવા મુશ્કેલ બન્યા છે. નોકરી ગુમાવ્યા પછી લોન ચૂકવવામાં નિષ્ફળ રહેતા લોકોનાં મકાનો બેંક જપ્ત કરવાની પ્રક્રિયામાં જઈ શકે છે. આ પ્રક્રિયાને ફોરક્લોઝર કહેવામાં આવે છે. આ સ્થિતિ અનેક સવાલો ઊભા કરે છે. શું અમેરિકાનું સપનું હવે પહેલાં જેટલું સુરક્ષિત રહ્યું નથી? ટેકનોલોજી કંપનીઓમાં છટણી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો વધતો ઉપયોગ અને વિઝા સંબંધિત અનિશ્ચિતતા ભારતીય યુવાનો માટે પડકાર બની રહ્યા છે. ગ્રીન કાર્ડ મેળવવામાં લાંબી રાહ જોવી પડતી હોવાથી ત્યાં કાયમી સ્થિરતા મેળવવી પણ સરળ નથી. બીજી તરફ, ભારત માટે આ એક તક બની શકે છે. અમેરિકાથી પાછા ફરતા યુવાનો પાસે વૈશ્વિક અનુભવ, ટેકનોલોજીનું જ્ઞાન અને નવી કુશળતા છે. ભારતીય કંપનીઓએ તેમને યોગ્ય પગાર અને સારી તકો આપવી જોઈએ, જેથી તેમની પ્રતિભાનો દેશના વિકાસમાં ઉપયોગ થઈ શકે. આ ઘટના યુવાનો અને માતા-પિતા માટે પણ બોધપાઠ સમાન છે. વિદેશ જવું ખોટું નથી, પરંતુ પોતાની બધી બચત એક જ દેશમાં ઘર અને ગાડીમાં રોકી દેવી જોખમી બની શકે છે. વિદેશમાં કમાણી સાથે ભારતમાં પણ રોકાણ અને આર્થિક સુરક્ષાનું આયોજન કરવું જરૂરી છે. આખરે, ભારત પરત ફરતા યુવાનોને નિષ્ફળ ગણવા યોગ્ય નથી. તેઓ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરીને પાછા આવ્યા છે. તેમને સન્માન, રોજગારી અને નવી તકો મળવી જોઈએ. અમેરિકા આજે પણ તકોનો દેશ છે, પરંતુ ત્યાં જતાં પહેલાં જોખમો સમજવા જરૂરી છે. સપનાં જોવાં જોઈએ, પરંતુ તેની સાથે વાસ્તવિકતાનો તાળો મેળવવો પણ એટલો જ જરૂરી છે.

ઉપવાસથી ઉજાસ સુધી - આઠમના નોરતાનો મહિમા

નવરાત્રીના નવ દિવસ સુધી આદ્યશક્તિ મા દુર્ગાના વિવિધ સ્વરૂપોની આરાધના કરવામાં આવે છે. આ નવ દિવસોમાં આઠમ એટલે કે મહાષ્ટમીનું વિશેષ ધાર્મિક અને આધ્યાત્મિક મહત્વ રહેલું છે. નવરાત્રીના સાત દિવસની આરાધના પછી આઠમા દિવસે ભક્તિ તેની પરાકાષ્ઠાએ પહોંચે છે. આ દિવસને દુર્ગાષ્ટમી કે મહાષ્ટમી તરીકે પણ ઓળખવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, આ દિવસ શક્તિ, પવિત્રતા, સંયમ અને અધર્મ સામે ધર્મના વિજયનું પ્રતીક છે. મહાષ્ટમી માત્ર માતાજીની પૂજા કરવાનો દિવસ નથી, પરંતુ પોતાના મનમાં રહેલી નકારાત્મક વૃત્તિઓને દૂર કરી સદગુણોનો સ્વીકાર કરવાનો પવિત્ર અવસર પણ છે. નવરાત્રીના આઠમા દિવસે મા દુર્ગાના આઠમા સ્વરૂપ મા મહાગૌરીની પૂજા કરવામાં આવે છે. મહાગૌરીનું સ્વરૂપ અત્યંત શાંત, સૌમ્ય અને કરુણામય માનવામાં આવે છે. તેમનો શ્વેત વર્ણ પવિત્રતા, શાંતિ અને નિર્મળતાનું પ્રતીક છે. પૌરાણિક કથા અનુસાર, માતા પાર્વતીએ ભગવાન શિવને પતિ સ્વરૂપે પ્રાપ્ત કરવા માટે કઠોર તપસ્યા કરી હતી. લાંબા સમય સુધી તપ કરવાથી તેમનું શરીર કાળું પડી ગયું હતું. ત્યારબાદ ભગવાન શિવની કૃપાથી તેમને ગૌર વર્ણ પ્રાપ્ત થયો અને તેઓ મહાગૌરી તરીકે ઓળખાયાં. મા મહાગૌરીની ઉપાસના કરવાથી ભક્તના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે છે એવી ધાર્મિક માન્યતા છે. માતાનું આ સ્વરૂપ ભક્તોને ક્ષમા, ત્યાગ, પવિત્રતા અને ધીરજનો માર્ગ બતાવે છે. જીવનમાં મુશ્કેલીઓ આવે ત્યારે મનની શાંતિ જાળવી રાખવી અને સત્યના માર્ગે આગળ વધવું એ મહાગૌરીની આરાધનાનો મુખ્ય સંદેશ છે. મહાષ્ટમીના દિવસે સંધિ પૂજાનું વિશેષ મહત્વ છે. અષ્ટમી અને નવમી તિથિના સંધિકાળને સંધિ ક્ષણ કહેવામાં આવે છે. પરંપરાગત માન્યતા મુજબ, આ સમયે દેવી ચામુંડાનું પ્રાગટ્ય થયું હતું અને તેમણે ચંડ તથા મુંડ નામના અસુરોનો સંહાર કર્યો હતો. આથી સંધિ પૂજાને શક્તિ અને વિજયનું પ્રતીક માનવામાં આવે છે. આ પૂજામાં દીવડા પ્રગટાવવામાં આવે છે, મંત્રોચ્ચાર કરવામાં આવે છે અને માતાજીને વિવિધ પૂજાસામગ્રી અર્પણ કરવામાં આવે છે. કેટલીક પરંપરાઓમાં ૧૦૮ દીવડા પ્રગટાવવાની પણ પ્રથા છે. અનેક સ્થળોએ આ સમયે હવનનું આયોજન કરવામાં આવે છે. હવનની અગ્નિમાં આહુતિ આપીને ભક્તો પોતાના મનમાં રહેલા અહંકાર, ક્રોધ, લોભ અને ઈર્ષ્યા જેવા દુર્ગુણોનો ત્યાગ કરવાનો સંકલ્પ કરે છે. સંધિ પૂજા આપણને શીખવે છે કે જીવનમાં પરિવર્તનની દરેક ક્ષણ નવી શરૂઆત અને આત્મજાગૃતિનો અવસર બની શકે છે. મહાષ્ટમીના દિવસે કન્યા પૂજનની પરંપરા પણ વિશેષ મહત્વ ધરાવે છે. ભારતીય સંસ્કૃતિમાં નારીને શક્તિનું સ્વરૂપ માનવામાં આવી છે. નાની બાલિકાઓમાં




માતાજીનાં સ્વરૂપનાં દર્શન કરીને તેમની પૂજા કરવામાં આવે છે. પરંપરા મુજબ, કન્યાઓનાં ચરણ પખાળવામાં આવે છે, કુમકુમનું તિલક કરવામાં આવે છે અને તેમને ભોજન કરાવી ભેટ આપવામાં આવે છે. ઘણા પરિવારોમાં નવ કન્યાઓને નવદુર્ગાનાં સ્વરૂપ તરીકે પૂજવામાં આવે છે, જ્યારે કેટલીક પરંપરાઓમાં સંખ્યામાં ફેરફાર પણ જોવા મળે છે. કન્યા પૂજન માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ સમાજને બાલિકાઓ પ્રત્યે સન્માન, પ્રેમ અને સમાનતાનો

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સંદેશ આપતી પરંપરા છે. જ્યાં દીકરીઓને શિક્ષણ, સુરક્ષા અને સમાન તકો મળે છે, ત્યાં જ સાચા અર્થમાં શક્તિની આરાધના સાર્થક બને છે.ધાર્મિક પરંપરાઓમાં મહાષ્ટમીના દિવસે શસ્ત્ર પૂજાનું પણ મહત્વ રહેલું છે. પ્રાચીન સમયમાં રાજા-મહારાજાઓ યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવા માટે શસ્ત્રોની પૂજા કરતા હતા. શસ્ત્રને શક્તિ અને રક્ષણનું પ્રતીક માનવામાં આવતું હતું. આજના સમયમાં આ પરંપરાને વ્યાપક અર્થમાં સમજવાની જરૂર છે. વિદ્યાર્થી માટે પુસ્તકો અને કલમ, ખેડૂત માટે ખેતીનાં સાધનો, કારીગર માટે ઓજારો અને વેપારી માટે વ્યવસાયનાં સાધનો તેના કર્મનું પ્રતીક છે. પોતાના કામનાં સાધનોનું સન્માન કરવું અને ઈમાનદારીથી ફરજ નિભાવવી એ પણ એક પ્રકારની આરાધના છે. મહાષ્ટમી આપણને કર્મ પ્રત્યે નિષ્ઠા રાખવાનો અને પોતાની શક્તિનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરવાનો સંદેશ આપે છે. મહાષ્ટમીનું આધ્યાત્મિક મહત્વ માત્ર બાહ્ય પૂજા સુધી સીમિત નથી. માનવીના મનમાં રહેલો કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર તેના સાચા શત્રુઓ છે. જીવનમાં સફળતા મેળવવા માટે માત્ર બાહ્ય શક્તિ પૂરતી નથી, પરંતુ મન પર નિયંત્રણ રાખવું પણ એટલું જ જરૂરી છે. મા દુર્ગાની આરાધના દ્વારા ભક્ત પોતાની અંદર હિંમત, ધીરજ અને આત્મવિશ્વાસ જગાડવાનો પ્રયાસ કરે છે. માતાજી દુષ્ટ શક્તિઓનો નાશ કરે છે એવી ધાર્મિક માન્યતા આપણને પ્રેરણા આપે છે કે અન્યાય સામે અવાજ ઉઠાવવો, સત્યનો સાથ આપવો અને જરૂરિયાતમંદોની મદદ કરવી એ પણ ધર્મનું મહત્વનું અંગ છે. સાચી ભક્તિ ત્યારે જ સાર્થક બને છે જ્યારે પૂજા સાથે જીવનમાં સારા વિચારો અને સારા કર્મોનો પણ સમાવેશ થાય. ગુજરાતમાં નવરાત્રીનો ઉત્સવ ગરબા અને રાસ વિના અધૂરો છે. નવરાત્રીના આઠમા દિવસે અનેક સ્થળોએ વિશેષ ગરબાનું આયોજન કરવામાં આવે છે. માતાજીના મંડપમાં પ્રગટતો દીવો, રંગબેરંગી પરંપરાગત વસ્ત્રો અને ઢોલના તાલે ગવાતા ગરબા ભક્તિમય વાતાવરણ સર્જે છે. ભક્તો માતાજીની આરાધના સાથે આનંદ અને ઉત્સાહથી ગરબે ઘૂમે છે. આઠમના ગરબામાં ભક્તિની સાથે ભાવનાત્મક ઊંડાણ પણ જોવા મળે છે. માતાજીનાં ગીતો અને સ્તુતિઓ દ્વારા ભક્તો પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે. ગરબો માત્ર નૃત્ય નથી, પરંતુ શક્તિની ઉપાસના અને સામૂહિક એકતાનું પ્રતીક છે. આ ઉત્સવ લોકોમાં ભાઈચારો, સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ અને સામાજિક એકતાની ભાવના મજબૂત બનાવે છે. મહાષ્ટમીના દિવસે અનેક સ્થળોએ અન્નદાન, ભોજન પ્રસાદ અને સેવાકીય પ્રવૃત્તિઓ યોજાય છે. ભૂખ્યાને ભોજન કરાવવું એ માનવસેવાનું ઉત્તમ કાર્ય છે. માતાજીની આરાધનામાં દાન અને સેવા પણ મહત્વનું સ્થાન ધરાવે છે. જરૂરિયાતમંદોને મદદ કરવી, ગરીબ પરિવારોને ભોજન આપવું અને બીજાના દુઃખમાં સહભાગી થવું એ ભક્તિનું જીવંત સ્વરૂપ છે. આ દિવસે અનેક ભક્તો ઉપવાસ પણ કરે છે. ઉપવાસની પરંપરા વ્યક્તિને સંયમ, શિસ્ત અને આત્મનિયંત્રણનો અભ્યાસ કરાવે છે. જોકે, ઉપવાસ વ્યક્તિની શારીરિક ક્ષમતા અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કરવો જોઈએ. ઉપવાસનો સાચો હેતુ માત્ર ભોજનનો ત્યાગ કરવાનો નથી, પરંતુ મનને શાંત રાખીને સારા વિચારો અને સદકાર્યો તરફ આગળ વધવાનો છે. આમ, મહાષ્ટમી એ શ્રધ્ધા, શક્તિ, ભક્તિ અને આત્મજાગૃતિનો પવિત્ર સંગમ છે. મા મહાગૌરીની આરાધના આપણને પવિત્રતા અને શાંતિનો માર્ગ બતાવે છે, જ્યારે સંધિ પૂજા અધર્મ સામે લડવાની પ્રેરણા આપે છે. કન્યા પૂજન નારી સન્માનનો સંદેશ આપે છે અને અન્નદાન માનવસેવાનું મહત્વ સમજાવે છે. આ પર્વ આપણને શીખવે છે કે સાચી શક્તિ બીજાને હરાવવામાં નહીં, પરંતુ પોતાની અંદરના દુર્ગુણો પર વિજય મેળવવામાં છે. માતાજીની ભક્તિ સાથે જો આપણે સત્ય, કરુણા, સમાનતા અને સેવાભાવને જીવનમાં ઉતારીએ, તો મહાષ્ટમીની આરાધના સાચા અર્થમાં સફળ બની શકે છે. મા દુર્ગાની કૃપાથી સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સદબુદ્ધિનો પ્રકાશ ફેલાય એવી પ્રાર્થના.

આઠમુ નોરતુ એટલે શક્તિ ઉપાસનાનું શિખર. નવરાત્રીના નવ દિવસોમાં દરેક દિવસનું પોતાનું આગવું મહત્વ છે પણ અષ્ટમીનું સ્થાન સૌથી વધુ તેજસ્વી અને ગહન છે.

શબ્દ સંજોગ-૨૨૮૨



આડી ચાવી :
(૧) વિઘ્ન, નડતર (૪)
(૪) મહેરબાની, દયા (૨)
(૭) હઠ, દુરાગ્રહ (૩)
(૯) યુધ્ધ (૩)
(૧૧) આવ્યો.....? (૨)
(૧૩) ખેલ, ક્રીડા (૩)
(૧૫) નવું, નવીન (૨)
(૧૬) તળિયા વિનાનું (૩)
(૧૭) કાળજી (૩)
(૨૦) ગરીબ (૨)
(૨૧) લાખની સંખ્યા (૨)
(૨૨) દીકરો (૩)
(૨૪) સ્મરણસ્તંભ, પાળિયો (૨)
(૩૦) એક ધાન્ય (૨)
(૩૧) કુતરાની એક જાત (૫)

ઉભી ચાવી :
(૧) પરિત્યાગ, અસ્વીકાર (૪)
(૨) અધમ, નીચ (૨)
(૩) નિગ્રહ, સંયમ (૨)
(૫) ભાળ મળવી તે (૩)
(૬) કરાર, બોલી (૩)
(૮) એકદમ, ઝટ (૩)
(૧૦) મોળું, નરમ (૩)
(૧૨) ભાંગે નહીં પણ વળે એવું નરમ (૪)
(૧૪) મેલ, કચરો (૨)
(૧૬) નિત્ય, સનાતન (૩)
(૧૮) શાશ્વતતા (૩)
(૧૯) સંગીતનો એક અલંકાર (૨)
(૨૦) કપડા રંગનાર (૪)
(૨૩) સોનું (૨)
(૨૬) રામ-સીતાનો પુત્ર (૨)
(૨૭) હદ, સીમા (૨)
(૨૮) લપ, જલ્દી (૨)
(૨૯) ન બોલવું તે (૨)

શબ્દ સંજોગ-૨૨૮૧ જવાબ

આડી ચાવી : (૧) જયપુર (૪) સવાવીસ (૭) નખ (૮) હીરવા (૯) રોલ (૧૦) મશ (૧૧) સક (કસ) (૧૩) ડગર (૧૫) દાણચોરી (૧૭) લડત (૧૮) રીડ (૧૯) કપીથ (૨૦) રન (૨૩) મઠ (૨૫) કદરજ (૨૭) હારોહાર (૨૯) સરેઆમ (૩૦) લત. **ઉભી ચાવી :** (૧) જનમંડલ (૨) યખ (૩) રહીશ (૪) સવાસણ (૫) વીરો (૬) સલમો (૧૦) મરત (૧૨) કચોરી (૧૪) ગડબું (૧૫) દાણાપીઠ (૧૬) રીડર (૧૯) કમજરે (૨૧) નફરત (૨૨) લકવો (૨૪) મારો (૨૬) રસ (૨૭) હામ (૨૮) હાલ.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૮૫	૧૯૯૧
ઘઉં લોકવન	૫૫૮	૬૪૯
ઘઉં ટુકડા	૫૬૦	૭૩૫
જુવાર સફેદ	૧૦૧૦	૧૨૭૫
જુવાર લાલ	૧૩૨૫	૧૫૩૪
જુવાર પીળી	૩૨૫	૫૮૦
મકાઇ	૫૧૦	૫૧૦
તુવેર	૧૪૪૪	૨૦૦૦
ચણા પીળા	૧૧૮૫	૧૪૮૪
ચણા સફેદ	૧૫૦૦	૨૩૫૦
અડદ	૧૪૧૦	૨૧૦૦
મગ	૧૪૫૦	૧૯૪૦
વાલ દેશી	૧૩૨૦	૧૬૯૦
ચોળી	૧૦૦૦	૨૧૬૦
વટાણા	૭૦૦	૧૧૫૦
રાજમા	૧૬૪૦	૨૧૮૪
સીંગદાણા	૧૩૨૫	૨૦૦૦
મગફળી જાડી	૧૨૦૧	૧૬૬૨
મગફળી જીણી	૧૨૪૧	૧૩૦૦
તલી	૨૩૦૦	૩૨૭૫
એરંડા	૧૨૫૧	૧૫૭૨
અજમો	૨૨૦૦	૨૫૩૦
સુવા	૧૪૦૧	૧૭૦૦
સોયાબીન	૧૧૫૦	૧૪૯૦
સીંગફાડા	૧૪૫૦	૧૭૪૦
કાળા તલ	૨૭૦૦	૪૧૦૦
લસણ	૧૧૬૧	૨૪૧૦
ધાણા	૨૭૫૦	૩૧૦૦
મરચા સુકા	૨૩૦૦	૪૯૦૦
ધાણી	૨૮૫૦	૩૧૬૦
વરીયાળી	૧૭૮૦	૧૮૮૦
જીરૂ	૪૬૦૦	૫૨૩૦
રાય	૧૫૫૦	૨૦૨૫
મેથી	૯૦૦	૨૦૮૧
અજમો	૧૪૭૧	૧૪૭૧
કલોંજી	૪૫૦૦	૫૧૧૧
રાયડો	૧૩૫૦	૧૬૫૦
રજકાનું બી	૭૦૦૦	૮૬૨૫

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૧૭૭૧	૩૪૨૧
પપૈયા	૨૦૨	૩૯૫
બટેટા	૯૨	૩૦૯
ડુંગળી સુકી	૩૬૧	૮૬૧
ટમેટા	૨૨૪	૪૧૯
સુરણ	૪૭૭	૬૮૪
કોથમરી	૩૮૬	૭૯૭
મુળા	૨૧૨	૪૨૧
ચીંગણા	૨૧૫	૩૧૮
કોબીજ	૪૨	૮૮
ફલાવર	૨૪૩	૩૫૧
ભીંડો	૪૫૩	૭૬૧
ગુવાર	૮૧૧	૧૧૨૪
ચોળાસીંગ	૭૧૭	૧૦૨૬
વાલોળ	૭૨૧	૧૧૩૨
ટીંડોળા	૩૧૪	૭૦૫
દુધી	૧૧૨	૨૩૯

કારેલા	૨૫૩	૪૦૨
સરગવો	૭૭૯	૧૫૬૩
તુરીયા	૪૪૮	૬૮૬
પરવર	૭૯૫	૯૮૯
કાકડી	૪૧૧	૯૯૨
ગાજર	૧૫૬	૨૫૪
વટાણા	૨૫૯૨	૩૦૧૧
તુવેરસીંગ	૬૧૪	૮૨૧
કંટોળા	૧૭૭૫	૨૦૨૪
ગલકા	૨૪૩	૪૫૧
બીટ	૩૧૪	૬૧૫
મેથી	૭૧૬	૧૬૨૨
વાલ	૯૯૩	૧૨૧૨
ડુંગળી લીલી	૩૦૧	૫૧૧
આદુ	૧૨૨૭	૩૦૧૪
મરચા લીલા	૩૧૪	૭૪૮
હળદર લીલી	૫૧૫	૭૯૦
લસણ લીલું	૧૫૨૫	૨૦૩૧
મકાઇ લીલી	૫૪૬	૮૬૨

ગોંડલ

કપાસ	૧૨૦૧	૧૯૫૬
ઘઉં લોકવન	૫૪૮	૬૧૪
ઘઉં ટુકડા	૫૨૦	૮૦૨
સિંગદાણા જાડા	૧૬૯૧	૧૯૩૧
સિંગ ફાડીયા	૧૦૧૧	૨૦૩૧
એરંડા / એરંડી	૧૨૭૧	૧૬૬૧
જીરૂ	૩૧૦૧	૫૩૮૧
કલંજી	૧૧૦૦	૫૦૮૧
વરીયાળી	૨૧૭૬	૨૧૭૬
ધાણા	૨૮૦૧	૩૨૪૧
ડુંગળી લાલ	૨૫૧	૧૦૮૧
અડદ	૧૦૦૦	૨૦૦૧
તુવેર	૭૭૬	૧૯૭૧
રાય	૧૫૯૧	૧૮૩૧
મેથી	૧૩૫૧	૧૬૦૧
સુવાદાણા	૧૬૫૧	૧૬૫૧
કાંગ	૧૫૧	૭૯૧
સફેદ ચણા	૧૪૫૧	૨૩૬૧
તલ - તલી	૨૨૨૬	૩૨૯૧
ધાણી	૨૯૦૧	૩૨૦૧
બાજરો	૪૭૧	૫૦૧
જુવાર	૧૬૧૧	૧૬૧૧
મકાઇ	૫૩૧	૫૯૧
મગ	૧૦૦૦	૨૧૧૧
ચણા	૧૧૧૧	૧૫૦૬
વાલ	૧૧૦૧	૧૪૨૧
ચોળા / ચોળી	૧૪૨૬	૨૧૦૧
રજકાનું બી	૩૦૦૦	૩૦૦૦
ગોગળી	૮૨૬	૧૫૫૧
વટાણા	૪૦૧	૯૯૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૧૦૦	૫૦૦
મરચા	૧૦૦	૮૦૦
ગુવાર	૪૦૦	૧૨૦૦
કોબી	૪૦	૨૦૦
દુધી	૬૦	૩૦૦

ફલાવર	૩૦	૬૦૦
કાકડી	૧૮૦	૧૦૦૦
રીંગણા	૧૦૦	૬૦૦
ભીંડો	૩૦૦	૧૦૦૦
ગલકા	૨૦૦	૭૦૦
ગાજર	૧૬૦	૬૦૦
ટિંડોરા	૨૦૦	૭૦૦
તુવેર	૩૦૦	૧૦૦૦
વાલ	૫૦૦	૧૪૦૦
વટાણા	૨૬૦૦	૩૨૦૦
શક્કરીયા	૩૦૦	૬૦૦
કેરી કાચી	૩૦૦૦	૩૪૦૦
બટેટા	૧૪૦	૨૮૦
અંબાળા	૪૦૦	૮૦૦
લીલી હળદર	૫૮૦	૧૦૦૦
ડુંગળી પુરા	૫	૧૫
તાંજરીયા પુરા	૨	૫
કોથમીર પુરા	૧	૭
મૂળા પુરા	૩	૧૦
આંબલી	૧૨૦૦	૧૬૦૦
પચકારુ	૧૬૦	૩૦૦
ચૂણ	૬૦૦	૮૦૦
પરર	૫૦૦	૧૧૦૦
ઘીસોડા	૨૦૦	૮૦૦
લીંબુ	૪૦૦	૩૪૦૦
મેથી પુરા	૩	૧૭
બીટ પુરા	૫	૧૦
સરગવો પુરા	૧૫	૩૫
ચોરા	૨૦૦	૧૦૦૦

અમરેલી

ગીરનાર શિંગ	૮૦૦	૧૫૬૦
શિંગ મોટી	૧૧૮૫	૧૫૯૦
શિંગદાણા ફાડા	૧૩૫૦	૧૯૦૦
તલ સફેદ	૧૭૨૦	૩૪૫૦
તલ કાળા	૨૫૦૦	૪૩૨૫
તલ કાશમીરી	૨૫૦૦	૨૭૭૫
બાજરો	૩૨૫	૫૦૫
જુવાર	૧૩૩૦	૧૪૧૫
ઘઉં ટુકડા	૫૧૦	૭૨૦
ઘઉં લોકવન	૫૪૦	૫૯૫
મકાઇ	૫૧૦	૫૧૦
મગ	૧૩૯૫	૧૫૩૦
અડદ	૧૪૦૫	૧૯૩૦
ચણા	૭૦૦	૧૪૯૫
ચણા દેશી	૧૪૨૫	૧૪૨૫
સફેદ ચણા	૧૧૩૦	૧૫૨૫
છોલે ચણા	૧૪૫૫	૧૪૫૫
ચોળી	૧૩૬૦	૧૩૬૦
તુવેર	૧૨૦૦	૧૮૦૦
કપાસ	૧૧૮૦	૨૦૦૦
એરંડા	૧૧૬૦	૧૫૯૦

જીરૂ	૪૬૦૦	૫૧૮૦
ધાણી	૨૭૨૦	૨૮૨૫
મેથી	૧૩૫૦	૧૪૭૦
સોયાબીન	૧૧૯૦	૧૪૯૫
રજકાનું બી	૩૦૫૦	૭૪૦૦
કલીંજી	૩૫૦૦	૪૩૦૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૬૦	૨૯૦
રીંગણા	૪૧૦	૭૨૦
ફલાવર	૨૧૦	૩૩૦
કોબીજ	૧૬૦	૨૦૦
શકકરીયા	૭૦૦	૮૦૦
ટમેટા	૩૦૦	૪૦૦
સુરણ	૯૦૦	૧૦૦૦
ગાજર	૫૫૦	૬૦૦
દૂધી	૨૫૦	૩૦૦
કારેલા	૫૫૦	૬૫૦
ગલકા	૩૫૦	૪૫૦
મુળા	૧૫૦	૨૦૦
કાકડી	૪૦૦	૭૦૦
ગુવાર	૮૦૦	૧૪૦૦
વાલોળ	૯૦૦	૧૦૦૦
વટાણા	૨૮૦૦	૩૦૦૦
ચોળા લીલા	૬૮૦	૮૨૦
તુરીયા	૭૦૦	૮૦૦
વાલ	૯૦૦	૧૦૦૦
શીંગઓળા	૯૦૦	૧૦૦૦
ભીંડો	૬૯૦	૭૯૦
હળદર લીલી	૧૦૦૦	૧૧૦૦
આદુ	૧૩૦૦	૧૪૦૦
કોથમીર	૬૦૦	૧૦૦૦
મેથીભાજી	૭૦૦	૮૦૦
ફોદીનો	૧૦૦૦	૧૨૦૦
ટીંડોરા	૫૫૦	૬૫૦
બીટ	૫૮૦	૬૬૦
મકાઇ	૨૪૦	૩૫૦
સરગવો	૧૧૫૦	૧૨૮૦
લીમડો મીઠો	૧૪૦	૧૬૦
મરચાં લીલાં	૫૦૦	૮૦૦
મરચાં લાલ	૩૫૦	૬૫૦
ડુંગળી લીલી	૩૨૦	૪૦૦
ડુંગળી સુકી	૬૦૦	૮૦૦
લસણ લીલું	૧૫૦૦	૨૦૦૦
લસણ સુકું	૧૫૦૦	૨૨૦૦
પાલક	૬૫૦	૭૨૦
લીંબુ	૧૬૫૦	૩૦૦૦
લીલી તુવેર	૧૦૫૦	૧૨૩૦
ચીભડા	૫૦૦	૭૦૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૩૫૦	૧૬૧૧
શીંગ મોટી	૧૩૬૦	૧૭૪૧
તલ સફેદ	૨૫૦૦	૩૧૧૧
તલ કાળા	૨૮૦૦	૩૮૧૫
જીરૂ	૪૯૫૦	૫૦૫૮
કપાસ	૧૬૦૦	૧૬૯૦
ઘઉં લોકવન	૫૨૦	૫૭૧
ઘઉં ટુકડા	૫૩૦	૫૬૧

બાજરો	૩૮૦	૫૧૧
જુવાર	૭૦૦	૧૦૦૦
ચણા	૧૨૫૦	૧૫૭૦
દેશી ચણા	૧૩૦૦	૧૫૦૫
તુવેર	૧૬૦૦	૧૬૮૦
ધાણા	૨૭૦૦	૩૦૦૫
સોયાબીન	૧૨૨૦	૧૪૨૫

ધારી

કપાસ	૧૮૦૧	૧૯૭૮
મગફળી	૧૪૫૦	૧૫૩૫
ઘઉં	૫૨૧	૫૪૫
ચણા	૧૦૬૫	૧૦૬૫
તુવેર	૧૬૫૫	૧૬૫૫
તલ	૩૦૦૦	૩૦૦૦
અડદ	૧૮૦૦	૧૯૨૫
બાજરો	૪૪૦	૪૪૦
મેથી	૧૦૦૦	૧૦૦૦

બાબરા

કપાસ	૧૮૦

જિલ્લા અને નગર ટીમના કાર્યકર્તાઓએ ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપ્યું, માતાજીની આરતી અને શસ્ત્રપૂજનની સાથે

અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શેરી ગરબી મંડળોની મુલાકાત

અમરેલી,તા.૧૬

નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી જિલ્લા અને નગર ટીમ તેમજ તમામ આયામોના કાર્યકર્તાઓ દ્વારા અમરેલી શહેરના વિવિધ વિસ્તારોમાં યોજાયેલ શેરી ગરબી મંડળોની મુલાકાત લેવામાં આવી હતી. જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈની સૂચના અનુસાર તથા જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, સહમંત્રી રશ્મિનભાઈ ત્રિવેદી અને નગર મંત્રી પંકજભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાર્યકર્તાઓએ વિવિધ ગરબી સ્થળોએ માતાજીના દર્શન કરી આરતીમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત રોકડિયા પરા વિસ્તારના જય અંબે યુવક મંડળ, પંચદેવ યુવક મંડળ અને નવદુર્ગા યુવક મંડળની ગરબીની મુલાકાત લેવામાં આવી હતી. આ ઉપરાંત સરદાર ચોક તથા ગજેરા પરા વિસ્તારના સરદાર નગર શેરી નં. ૧ ગ્રુપ, ખોડિયાર યુવક મંડળ, કમલેશ્વર ગ્રુપ, શ્યામ યોગ યુવક મંડળ અને રામેશ્વર યુવક મંડળની ગરબીમાં પણ ઉપસ્થિત રહી માતાજીના દર્શન કરવામાં આવ્યા



હતા. જ્યારે સંકુલ રોડ, બહારપરા તથા ટાવર ચોક વિસ્તારના નીલકંઠ સોસાયટી, શિવશક્તિ મંડળ, જય અંબે યુવક મંડળ, મચ્છુ મા યુવક મંડળ અને કંસારા યુવક મંડળની ગરબીની પણ મુલાકાત લેવામાં આવી હતી.આ પ્રસંગે ગરબી મંડળોના આયોજકોને દુર્ગા માતાજીનો ફોટો, શ્રીફળ, સાકરનો પડો અને માતાજીની ચુંદડી અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે જ વિવિધ ગરબી સ્થળોએ શસ્ત્રપૂજનનો કાર્યક્રમ પણ યોજાયો હતો. ખાસ કરીને નીલકંઠ સોસાયટી અને મચ્છુ મા યુવક મંડળ ખાતે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું. શસ્ત્રપૂજનની ધાર્મિક વિધિ વિશ્વ હિન્દુ પરિષદના આશિષભાઈ જોષી દ્વારા સંપન્ન કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદ, અમરેલી જિલ્લાના કોષાધ્યક્ષ અને વક્તા ડૉ. પંકજભાઈ ત્રિવેદીએ સંગઠનના વિવિધ આયામો, કામગીરી, સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ તેમજ સંગઠનના હેતુઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે શેરી ગરબી મંડળોના આયોજકો દ્વારા કરવામાં આવતી ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આ કાર્યક્રમ દ્વારા નવરાત્રી પર્વની ધાર્મિક પરંપરાઓને પ્રોત્સાહન આપવા સાથે સંગઠનના કાર્યકર્તાઓએ વિવિધ ગરબી મંડળો સાથે સંપર્ક સાધ્યો હતો. આ કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદના ઉપાધ્યક્ષા ગોપીબેન રાઠોડ, દુર્ગા વાહિની સહ સંયોજીકા હિરલબા વાળા, નગર ઉપાધ્યક્ષ રવિભાઈ પંડ્યા,ઉપાધ્યક્ષ અશ્વિનભાઈ વાઢેર, લાલજીભાઈ ચાવડા, ઘનશ્યામભાઈ કાબરિયા, જયદીપભાઈ બતાડા, હીરલભાઈ બતાડા, સાગરભાઈ વણઝારા, મયુરભાઈ સોલંકી, કેતનભાઈ ટાંક, પ્રશાંતભાઈ પરમાર, ઓમભાઈ કાબરિયા, મહાદેવભાઈ ઠાકર, દેવભાઈ મકવાણા, અજયભાઈ રાઠોડ, વિનયભાઈ વંડાગર, ઓમભાઈ નાલગે, ધવલભાઈ મૈસૂરિયા, ધ્રુવભાઈ મૈસૂરિયા, રોનકભાઈ અગ્રાવત, અર્જુનભાઈ રામાવત, મંત્રવ્યભાઈ ગૌસ્વામી, રવિભાઈ જોષી, કરણભાઈ વરૂ, કિશનભાઈ ચાવડિયા અને પાર્થભાઈ રામાવત, સંજયભાઈ મકવાણા અમરેલી નગર માતૃશક્તિ સંયોજિકા આરતીબેન ચોવટિયા, સહ સંયોજિકા પૂર્વીબેન ગોહિલ,મંજુબેન મકવાણા, વિશાખાબેન મકવાણા, રત્નાબેન મારુ અને હીરવાબેન મારુ, દિપાલીબેન મકવાણા સહિત પરિષદના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.નવરાત્રીના પાવન પર્વ દરમિયાન યોજાયેલી આ મુલાકાતો દ્વારા શેરી ગરબીના આયોજકોને પ્રોત્સાહન આપવા સાથે ધાર્મિક પરંપરાઓ, ભારતીય સંસ્કૃતિ અને સંગઠનાત્મક જાગૃતિને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

કોડીનારના દેવળી ગામે શેરડીના ખેતરમાં ભીષણ આગ: ત્રણ વિઘા પાક બળીને ખાખ

કોડીનાર, તા. ૧૬



તસવીર : કુલદીપ પાઠક

કોડીનાર તાલુકાના દેવળી (દેદાજી) ગામે ખેડૂતના શેરડીના ઊભા પાકમાં અચાનક ભીષણ આગ લાગતા ત્રણ વિઘા શેરડીનો પાક બળીને ખાખ થઈ ગયો હતો. ગામના ખેડૂત ગાંડાભાઈ કાનાભાઈ મોરીના ખેતરમાં આગ લાગતા ભારે નુકસાન થયું હતું. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ઊભેલો પાક બળીને નાશ પામ્યો હતો. વીજતાર તૂટવાથી આગ લાગી હોવાનો ખેડૂત દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે, જોકે આગનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. ખેડૂતને થયેલા નુકસાનનો યોગ્ય સર્વે કરી વળતર આપવા માંગ ઉઠી છે.

અમરેલીની ગજેરા કેમ્પસ ખાતે આરોગ્ય જાગૃતિ સેમિનારમાં બાળકોને આહાર વિશે માર્ગદર્શન અપાયું

અમરેલી,તા.૧૬

અમરેલી ખાતે શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાન શક્તિ સ્કૂલ ઓફ એક્સેલન્સમા IAP™k 'OJAS – નેશનલ સ્કૂલ હેલ્થ કોલેબોરેટિવ પ્રોગ્રામ' અંતર્ગત આરોગ્ય જાગૃતિ સેમિનાર યોજાયો હતો. વસંતભાઈ ગજેરાએ અભ્યાસ સાથે શારીરિક-માનસિક



તંદુરસ્તીનું મહત્ત્વ સમજાવ્યું હતું. સેમિનારમાં જાણીતા બાળરોગ નિષ્ણાત ડૉ. નીતિન ત્રિવેદીએ વિદ્યાર્થીઓને પૌષ્ટિક આહાર, નિયમિત વ્યાયામ, સ્વચ્છતા અને સુરક્ષિત જીવનશૈલી અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બાળપણથી જ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કેળવી વિદ્યાર્થીઓ ભવિષ્યમાં સ્વસ્થ નાગરિક બને તે આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો. આ પ્રસંગે સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખુંટ ઉપસ્થિત રહ્યા હતા

સાવરકુંડલાની એરોગેસ એજન્સી સસ્પેન્ડ કરવા કલેકટરને દરખાસ્ત

અમરેલી,તા.૧૬

સાવરકુંડલા શહેરના દેવળા ગેટ વિસ્તારમાં આવેલી એરોગેસ એજન્સી ખાતે રાંધણગેસના બોટલ મેળવવામાં ગ્રાહકોને પડતી મુશ્કેલીઓને પગલે મામલતદાર અને પ્રાંત અધિકારીએ એજન્સી સસ્પેન્ડ કરવા તથા ગ્રાહકોને અન્ય એજન્સીમાં ટ્રાન્સફર કરવા કલેક્ટર સમક્ષ દરખાસ્ત કરી છે. હાલ બાકી ગ્રાહકોને ઝડપથી ગેસ મળે તે માટે તંત્ર અને આઈઓસીએલ દ્વારા વ્યવસ્થા કરાઈ છે. આવતીકાલથી બિલખીયા ગેસ એજન્સી, મહુવા રોડ, સહકારી સંઘના ગોડાઉન પાસે તથા સોનલમા ગેસ એજન્સી, મોટા ઝીંઝુડા, જેસર રોડ ફાટક પાસે ગેસ વિતરણ થશે.

ત્રણથી ચાર દિવસમાં સ્થિતિ સામાન્ય થવાની શક્યતા છે. બાકી ઈ-કેવાયસી માટે ગ્રાહકોએ એરોગેસ ગોડાઉન ખાતે પ્રક્રિયા પૂર્ણ કરવી. અફવાઓથી દૂર રહેવા તંત્રની અપીલ છે.

કોડીનાર-ઉના હાઈવે પર રૂ. ૩.૩૩ લાખના શંકાસ્પદ સસ્તા અનાજના જથ્થા સાથે તંત્રએ બોલેરો જપ્ત કર્યો

કોડીનાર,તા.૧૬



ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં સસ્તા અનાજના શંકાસ્પદ જથ્થાની હેરફેર સામે તંત્રએ કાર્યવાહી કરી છે. કોડીનાર–ઉના હાઈવે પર વેળવા ટોલનાકા નજીક મામલતદારની તપાસ દરમિયાન ઘઉં અને ચોખાનો જથ્થો ભરેલું બોલેરો વાહન ઝડપાયું હતું. જિલ્લા કલેક્ટર જે.એન. વાઘેલાના માર્ગદર્શન હેઠળ જિલ્લા પુરવઠા અધિકારીની સુચના મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ન્યાઝ અબ્દુલ લતીફના બોલેરો વાહનમાંથી ૩૦ બોરી ઘઉં, ૧,૫૦૦ કિલો અને ૧૫ બોરી ચોખા, ૭૫૦ કિલો મળી કુલ ૨,૨૫૦ કિલો અનાજ મળી આવ્યું હતું. અનાજના ખરીદ-વેચાણ માટે જરૂરી લાઇસન્સ અને મંજૂરીઓ ન હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. જેથી અનાજ અને અંદાજિત રૂ. ૨.૭૦ લાખની કિંમતના વાહન સહિત કુલ રૂ. ૩.૩૩ લાખનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે. અનાજ ક્યાંથી લવાયું અને ક્યાં લઈ જવાતું હતું તે અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.

સૌરાષ્ટ્ર કચ્છ બ્રિક્સ મેન્યુ. એસોસિએશન દ્વારા શરદપૂર્ણિમાએ વિસાવદરથી સતાધાર પદયાત્રા

અમરેલી,તા.૧૬

સૌરાષ્ટ્ર કચ્છ બ્રિક્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન દ્વારા આગામી ૨૬ ઓક્ટોબર, શરદપૂર્ણિમાના રોજ વિસાવદરથી સતાધાર સુધી ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ રતીભાઈ ગોરવાડીયા, મહામંત્રી ચંદુભાઈ જાદવ અને પ્રવક્તા અશોકભાઈ હળવદીયાની આગેવાનીમાં સૌરાષ્ટ્રભરમાંથી બહોળી સંખ્યામાં ઈંટ ઉત્પાદકો સહપરિવાર આ યાત્રામાં જોડાશે. વિસાવદર હેલીપેડ ગ્રાઉન્ડ પરથી સવારે ૭ વાગ્યે પ્રસ્થાન કરી, ડી.જે.ના તાલે અને જયઘોષ સાથે પદયાત્રા સવારે ૧૧ કલાકે સતાધાર પહોંચશે. ત્યાં શ્રધ્ધાળુઓ આપાગીગાની સમાધિના દર્શન કરી આશીર્વાદ મેળવશે.

આ પ્રસંગે મહંત વિજયબાપુના હસ્તે ધ્વજારોહણ થશે અને ત્યારબાદ બપોરે મહાપ્રસાદ યોજાશે. યાત્રિકોની સુવિધા માટે જિલ્લા અને તાલુકા કક્ષાએથી સતાધાર જવા-આવવા સ્પેશિયલ બસોની વ્યવસ્થા કરાઈ છે. વધુ માહિતી માટે ચંદુભાઈ જાદવ અથવા અશોકભાઈ હળવદીયાનો સંપર્ક કરી શકાશે.

ઈંટ ઉત્પાદકો સહપરિવાર જોડાશે, મહંત વિજયબાપુના હસ્તે ધ્વજારોહણ અને આશીર્વચનનો કાર્યક્રમ યોજાશે

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાનો પોરબંદર લોકસભા પ્રવાસ કાર્યક્રમ જાહેર

૧૭ ઓક્ટોબરે ગ્રામજનો સાથે મુલાકાતથી લઈને ગરબા મંડળોમાં હાજરી આપશે

અમરેલી,તા.૧૬



કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ ૧૧-પોરબંદર લોકસભા સીટના પ્રવાસે રહેશે.પ્રવાસની શરૂઆત સવારે ૦૯:૦૦ વાગ્યે બિલડી, કુતિયાણા ખાતે ગ્રામજનો સાથે મુલાકાતથી થશે. ત્યારબાદ સવારે ૧૦:૦૦ વાગ્યે એસ. એમ. જાડેજા કોલેજ, કુતિયાણા ખાતે યુવા કનેક્ટ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.સવારે ૧૧:૩૦ વાગ્યે ચોલીયાણા, કુતિયાણા ખાતે ફરી ગ્રામજનો સાથે સંવાદ કરશે. બપોરે ૦૩:૦૦ વાગ્યે પોરબંદર શહેર ખાતે દિશા કમિટીની બેઠકમાં હાજરી આપશે. સાંજે ૦૫:૦૦ વાગ્યે પોરબંદર શહેર ભાજપ કાર્યાલયની મુલાકાત લેશે અને રાત્રે ૦૮:૦૦ વાગ્યે બખરલા અને પોરબંદર શહેરના વિવિધ ગરબી મંડળો અને રાસ મહોત્સવમાં હાજરી આપશે.

ચલાલા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



અમરેલી,તા.૧૬

ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા વિવિધ આરોગ્ય સંસ્થાઓના સહયોગથી ૨૯પમો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. ડૉ. રતિદાદાના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા શરૂ થયેલા આ કેમ્પમાં સ્વ. હંસાબેન ભાયાણીની સ્મૃતિમાં યુ.કે. સ્થિત ભાયાણી પરિવારે આર્થિક સહયોગ આપ્યો હતો. કેમ્પમાં કુલ ૬૪ દર્દીઓએ આરોગ્ય સેવાનો લાભ લીધો હતો, જેમાંથી ૨૪ દર્દીઓને રાજકોટની રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે ફેકો પધ્ધતિથી વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન કરી નેત્રમણી બેસાડવામાં આવી હતી. આ ઉપરાંત ડૉ. મહેતા દ્વારા આંખોની તપાસ, ડૉ. ઈશાબેન દ્વારા દાંતની સારવાર તેમજ ડૉ. પ્રકાશભાઈ અને ડૉ. આરતીબેન દ્વારા આયુર્વેદિક તપાસ કરી તમામ દર્દીઓને વિનામૂલ્યે દવાઓ આપવામાં આવી હતી. સમગ્ર આયોજનને સફળ બનાવવા ટ્રસ્ટના મહેશભાઈ, મંજુબા સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

:: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલ શ્રી રેખાબેન સુનીલભાઈ જોષી, રહે, અમરેલીવાળા કે જેઓએ અમો પાસે મોજે અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં વરસડા રોડ રસ્તે "ધરમનગર" સોસાયટીમાં આવેલ રે.સ.નં. ૧૪૫ પૈકી ની બીનખેડવાણ જમીન પ્લોટ નં.૪૪/૨ ની જમીન આવેલ છે તેના ચો.મી-૭૧.૦૫ છે. સદરહુ પ્લોટવાળી મિલ્કત મિલ્કતના માલીક પટેલ કમલેશભાઈ બચુભાઈ બોકરવાડીયા પાસેથી અમારા ઉપરોકત અસીલશ્રીએ તા.૨૮/૦૪/૨૦૨૨ના રોજ રજી.વે.ક.નં.૨૧૮૮થી વેચાણ રાખેલ છે.

સદરહુ મિલ્કતવાળી પ્લોટની જમીન સર્વે નં.૧૪૫ પૈકીની નોંધ નં.૬૮૮ થી પ્રમોલગેશનથી ભગવાનભાઈ આંબાભાઈ બાંભરોલીયાની માલીકીની હતી ત્યાર બાદ તેઓનું તા.૨૫/૮/૧૯૪૯ના રોજ અવસાન થતા તેમના અવિભકત કુટુંબના વારસદાર તરીકે પોપટભાઈ ભગવાનભાઈના ખાતે ચડેલ હતી ત્યાર બાદ આ જમીનની ભાઈઓ ભાગે વહેંચણી કરતા એકર ૧૨-૩૮ ગુઠા જમીન નાનજીભાઈ ભગવાનભાઈના હિસ્સે આવેલ આમ સર્વે નં.૧૪૫ ની જમીન મુળ નાનજીભાઈ ભગવાનભાઈ વિગેરેની વડીલોપાર્જીતની છે અને હિન્દુ વારસાધારા મુજબ તેના સ્વ.ભગવાનભાઈ આંબાભાઈના દરેક વારસદારોને હિસ્સો હોઈ તેઓ દવારા આ જમીન બિનખેતીમાં ફેરવાયેલ તે માટેના પ્લોટોની ઘરમેળે વહેચણી કરતા પ્લોટ નં.૪૪ની જમીન શારદાબેન નાનજીભાઈ બાંભરોલીયાનાં માલીકી હકો આવેલ તેની પાસેથી તેના કુલ મુખત્યાર નાનજીભાઈ ભગવાનભાઈ બાંભરોલીયા દવારા પટેલ કમલેશભાઈ બચુભાઈએ તા.૨૩/૦૩/૧૯૯૩ના રોજ રજી વેચાણ દ.નં.૪૦૪થી વેચાણ રાખેલ છે ત્યાર બાદ તેઓ પાસેથી અમારા ઉપરોકત અસીલશ્રીએ વેચાણ રાખેલ છે તો તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉનો વેચાણ વ્યવહાર ઉપરોકત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં બંધન બેંક લી અમરેલી સીવાય અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યકરનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરનું મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કંઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૧૫/૧૦/૨૦૨૬
અમરેલી.
શોપ નં. ૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ, ભીડ ભંજન મહાદેવ મંદિર સામે, લીલીયા રોડ, અમરેલી,

સહી
દિપક વી. નાગ્રેચા
એડવોકેટ, અમરેલી.

-:: જાહેર નોટીસ ::-

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.૨૮૪/૨૦૨૬
જન્મ તારીખ : ૨૫/૦૭/૧૯૫૯

પ્રતાપભાઈ ઓઘડભાઈ ગોહિલ,
રહે,આલીદર, ગામ-આલીદર, તાલુકો-કોડીનાર જિલ્લો-ગીર સોમનાથ --અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત આલીદર, તા, કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ --સામાવાળા

બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પ્રતાપભાઈ ઓઘડભાઈ ગોહિલ, રહે.આલીદર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઓઘડભાઈ ભગવાનભાઈ ગોહિલ તથા વાસુબેન ના પુત્રી દુધીબેન ઓઘડભાઈ ગોહિલનો જન્મ તારીખ ૨૫/૦૭/૧૯૫૯ના રોજ કોડીનાર તાલુકાના આલીદર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજરોજ તા.૧૩/૧૦/૨૦૨૬ના રોજ કોર્ટનો કહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

ધોરાજીમાં દિવ્યાંગોના સાધનો ધૂળ ખાઈ રહ્યા હોવાનો આક્ષેપ, તંત્ર સામે સવાલો

ધોરાજી,તા.૧૬

ધોરાજી અને ઉપલેટા તાલુકાના દિવ્યાંગ લાભાર્થીઓ માટે સરકાર દ્વારા ફાળવવામાં આવેલા સાધનો મહિનાઓથી ધૂળ ખાઈ રહ્યા હોવાનો પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ આક્ષેપ કર્યો છે. દિવ્યાંગો માટે યોજાયેલા કેમ્પ બાદ સ્ટિક, ઈલેક્ટ્રિક બાઈસિકલ, સાયકલ સહિતના સાધનો ધોરાજી પહોંચી ગયા હોવા છતાં વિતરણ કરવામાં આવ્યું નથી. જેના કારણે લાભાર્થીઓને મુશ્કેલી પડી રહી છે.

વસોયાએ તંત્રની કામગીરી સામે સવાલ ઉઠાવી સાધનોનું વિતરણ તાત્કાલિક કરવા માંગ કરી છે. તેમણે ચીમકી આપતા જણાવ્યું કે, જો જવાબદાર અધિકારીઓ દ્વારા સાધનો આપવામાં નહીં આવે તો આગામી દિવસોમાં તેઓ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો સાથે સ્થળ પર જઈને ખુદ વિતરણ કરશે. હવે તંત્ર દ્વારા આ મામલે શું પગલાં લેવાય છે તે જોવાનું રહ્યું.

પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાની ચીમકી, તાત્કાલિક વિતરણ નહીં થાય તો કોંગ્રેસના આગેવાનો સાથે ખુદ સાધનો વિતરણ કરશે

પીએમ નરેન્દ્ર મોદી ૧૧ અને ૧૨ ડિસેમ્બરે કેનેડાની મુલાકાતે જશે, વેપાર સહિતના મુદ્દે ચર્ચા કરાશે

નવી દિલ્હી, તા.૧૬



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૧ અને ૧૨ ડિસેમ્બરે કેનેડાની બે દિવસીય મુલાકાતે જશે. આ દરમિયાન કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ને સાથે વેપાર, ઊર્જા, ટેકનોલોજી, સુરક્ષા અને બંને દેશોના નાગરિકો વચ્ચેના સંબંધો અંગે ચર્ચા થવાની અપેક્ષા છે. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે. ભારતીય ઉચ્ચ આયોગના જણાવ્યા અનુસાર, બંને દેશો સંબંધોમાં સકારાત્મક ગતિને આગળ વધારી નક્કર પરિણામો મેળવવા સંમત થયા છે. ભારત અને કેનેડા વર્ષ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપાર બમણો કરીને વાર્ષિક ૭૦ અબજ ડોલર સુધી પહોંચાડવા પ્રયાસ કરી રહ્યાં છે. આ માટે વ્યાપક આર્થિક ભાગીદારી કરારની વાટાઘાટો વહેલી તકે પૂર્ણ કરવાનો બંને દેશોનો ઉદ્દેશ્ય છે. આ ઉપરાંત, ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની ભૂરાજકીય પરિસ્થિતિ તથા ઊર્જા અને કૃષિ ક્ષેત્રોમાં સહકાર વધારવા અંગે પણ ચર્ચા થવાની શક્યતા છે. કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુ પણ ભારતમાં વેપાર મિશનનું નેતૃત્વ કરી રહ્યા છે.

અમરેલી અને કુંકાવાવ તાલુકાનાં ૨૧ ગામો માટે સૌની યોજનાના રૂ. ૭૧.૦૪ કરોડ મંજૂર

અમરેલી,તા.૧૬



અમરેલી જિલ્લાના ખેડૂતો અને ગ્રામજનો માટે ખુશીના સમાચાર છે. ધારાસભ્ય અને રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેકરિયાના પ્રયાસોથી સૌની યોજના અંતર્ગત અમરેલી અને કુંકાવાવ તાલુકાનાં ૨૧ ગામો માટે રૂ. ૭૧.૦૪ કરોડની મંજૂરી મળી છે. આ યોજનામાં અમરેલી તાલુકાનાં ત્રણ ગામ રાંઢિયા, દહીંડા અને મોટા આંકડિયા માટે રૂ. ૧૫.૪૧ કરોડના ખર્ચે ૨૦ કિલોમીટરની પાઇપલાઈન નાખવામાં આવશે. જ્યારે કુંકાવાવ તાલુકાનાં ૧૮ ગામોમાં રૂ. ૫૫.૬૩ કરોડના ખર્ચે ૭૨ કિલોમીટરની પાઇપલાઈનનું નેટવર્ક તૈયાર કરાશે. આ કામગીરીથી ૫૫થી વધુ ચેકડેમ અને તળાવો પાણીથી ભરાશે. પરિણામે ૧,૫૦૦ હેક્ટરથી વધુ જમીનને સિંચાઈનો સીધો લાભ મળશે. ઉપરાંત, ગ્રામજનોની પીવાના પાણીની સમસ્યામાં રાહત મળશે અને ભૂગર્ભ જળસ્તર ઊંચું આવતાં ખેડૂતોના કૂવા તથા બોરવેલને પણ ફાયદો થશે. આ મંજૂરીથી બંને તાલુકાના ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી છે.

રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાના પ્રયાસોથી ૯૨ કિ.મી. લાંબી પાઇપલાઇનનું નિર્માણ થશે

દુષ્યંત ગૌતમની સિક્કિમના રાજ્યપાલ તરીકે નિમણૂક સામે કોંગ્રેસનો વિરોધ

નવી દિલ્હી, તા.૧૬

સિક્કિમના રાજ્યપાલ તરીકે ભાજપના નેતા દુષ્યંત ગૌતમની નિમણૂક સામે કોંગ્રેસે વિરોધ શરૂ કર્યો છે. અંકિતા ભંડારી હત્યા કેસમાં તેમનું નામ ચર્ચામાં આવ્યું હોવાનો દાવો કરીને રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિને પત્ર લખી નિમણૂક પર રોક લગાવવાની માંગ કરી છે. કોંગ્રેસે સીબીઆઈ તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી નિમણૂક અટકાવવાની માગ કરી છે. દેહરાદૂનમાં પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવતે વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરતાં ન્યાય માટે લડત ચાલુ રાખવાની વાત કરી હતી. બીજી તરફ, મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કોંગ્રેસ પર રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે જણાવ્યું કે સરકારની માંગ પર કેસની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી હતી અને દોષિતોને સજા અપાવવા કાર્યવાહી થઈ હતી. કેસમાં ૫૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરાઈ હતી.

સરદાર પટેલ જયંતિની ઉજવણી માટે પીએમ નરેન્દ્ર મોદી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવશે

અમદાવાદ, તા.૧૬



વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૩૦ અને ૩૧ ઓક્ટોબરે બે દિવસના ગુજરાત પ્રવાસે આવશે. ૩૦ ઓક્ટોબરે સવારે ડીસા પહોંચ્યા બાદ ભીલડી ખાતે બનાસ ડેરીના અત્યાધુનિક સંશોધન કેન્દ્રનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ અમદાવાદમાં રોકાણ કરી ભાજપના આગેવાનો સાથે બેઠક યોજે તેવી શક્યતા છે. જોકે, આ અંગે સત્તાવાર પુષ્ટિ મળી નથી.અમદાવાદના કાર્યક્રમો બાદ વડાપ્રધાન સાંજે કેવડિયા પહોંચશે અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈ રાત્રિ રોકાણ કરશે. ૩૧ ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે યોજાનારા રાષ્ટ્રીય એકતા દિવસની પરેડ સહિતના કાર્યક્રમોમાં હાજરી આપશે. નવા નિમાયેલા પ્રોબેશનરી આઈએએસ અધિકારીઓને પણ માર્ગદર્શન આપશે. બે દિવસના પ્રવાસને પગલે બનાસકાંઠા અને કેવડિયામાં સુરક્ષા વ્યવસ્થા તથા કાર્યક્રમોની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સાંજે વડાપ્રધાન વડોદરાથી વિશેષ વિમાન દ્વારા દિલ્હી જવા રવાના થાય તેવી માહિતી મળી છે. પ્રધાનમંત્રીના આગમનને લઈ તંત્રમાં તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

અભિનેતા ઈમરાન ખાનને ભારત છોડવાની નોટિસથી મહારાષ્ટ્રમાં રાજકીય ગરમાવો

મુંબઈ, તા.૧૬

બોલિવૂડ અભિનેતા ઈમરાન ખાનને મુંબઈમાં વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધા બાદ ૨૮ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં ભારત છોડવાની નોટિસ મળતાં રાજકીય વિવાદ ઊભો થયો છે.

તેમની ટીમ આ નોટિસને બોમ્બે હાઈકોર્ટમાં પડકારવાની તૈયારી કરી રહી છે. એઆઈએમઆઈએમના નેતા વારિસ પઠાણ અને કોંગ્રેસના નેતા હુસૈન દલવાઈએ ઈમરાન ખાનને ધર્મના આધારે નિશાન બનાવવામાં આવતા હોવાનો આરોપ લગાવ્યો છે.

બીજી તરફ, ભાજપના બાસિત અલીએ કાયદાનો ભંગ કરનારા વિદેશી નાગરિક સામે કાર્યવાહી કરવાની માગ કરી હતી. મહારાષ્ટ્રના ગૃહ રાજ્યમંત્રી યોગેશ કદમે જણાવ્યું કે કાર્યવાહી વિઝાની શરતોના કથિત ઉલ્લંઘનના આધારે થઈ છે, રાજકીય બદલા માટે નહીં.

દિલ્હીના વિરોધ પ્રદર્શનો અને પોલીસ કાર્યવાહી મામલે સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો

નવી દિલ્હી, તા.૧૬



સુપ્રીમ કોર્ટે દિલ્હી ખાતે વિરોધ પ્રદર્શનો, પોલીસ કાર્યવાહી, પત્રકારોના અધિકારો અને ચૂંટણી પંચના એસઆઈઆર અભિયાન સંબંધિત કેસોમાં અલગ-અલગ સુનાવણીની તારીખો નક્કી કરી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જાયમલ્યા બાગચીની બેન્ચે કેન્દ્ર સરકાર સહિત સંબંધિત પક્ષોને જવાબ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે. વિરોધ પ્રદર્શનો અને જંતર-મંતર સંબંધિત મુખ્ય કેસોની સુનાવણી ૩ નવેમ્બરે થશે. સમાન અરજીઓને જૂથબધ્ધ કરી ૨૮ ઓક્ટોબર સુધીમાં રજૂ કરવા પણ જણાવાયું છે. તપાસ એજન્સીઓને સંબંધિત સીસીટીવી ફૂટેજ અને ડિજિટલ પુરાવા સુરક્ષિત રાખવા નિર્દેશ અપાયો છે. એસઆઈઆર સંબંધિત કેસોની સુનાવણી ૨૭ ઓક્ટોબરે, જ્યારે મહિલા પત્રકારની ફરિયાદ સંબંધિત કેસની સુનાવણી ૫ નવેમ્બરે થશે. આ ઉપરાંત, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૭૨ની બંધારણીય માન્યતા અને કલમ ૧૬૩ હેઠળના પ્રતિબંધક આદેશોને પડકારતી અરજીઓ પર ૧૯ નવેમ્બરે સુનાવણી હાથ ધરાશે.

કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ નિકાસ પર વિન્ડફોલ ટેક્સ વધારાયો, ડીઝલ પર કર ઘટાડાયો

નવી દિલ્હી, તા.૧૬



કેન્દ્ર સરકારે ૧૬ ઓક્ટોબરથી અમલમાં આવે તે રીતે પેટ્રોલની નિકાસ પર વિન્ડફોલ ટેક્સ વધાર્યો છે, જ્યારે ડીઝલની નિકાસ પરનો કર ઘટાડ્યો છે. નાણા મંત્રાલયે જાહેર કરેલી સૂચના મુજબ, પેટ્રોલની નિકાસ પરની ડ્યૂટી પ્રતિ લિટર રૂ. ૦.૫૦થી વધારીને રૂ. ૨.૫૦ કરવામાં આવી છે. બીજી તરફ, ડીઝલની નિકાસ પરની સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યૂટી રોડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસ સહિત પ્રતિ લિટર રૂ. ૧૬થી ઘટાડીને રૂ. ૮.૫૦ કરવામાં આવી છે. એટીએફની નિકાસ પરની ડ્યૂટી પ્રતિ લિટર રૂ. ૧૦.૫૦ યથાવત્ રાખવામાં આવી છે. સ્થાનિક વપરાશ માટે વેચાતા પેટ્રોલ અને ડીઝલના ડ્યૂટી દરોમાં કોઈ ફેરફાર કરાયો નથી. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાને ધ્યાનમાં રાખીને સરકારે અગાઉ ડીઝલ અને એટીએફની નિકાસ પર કર લાદ્યો હતો. ત્યારબાદ પેટ્રોલની નિકાસ પર પણ ડ્યૂટી લાગુ કરાઈ હતી. સરકાર દર પખવાડિયે આ દરોની સમીક્ષા કરે છે.

ખાતરના ભાવ ભડકે બળ્યા: NPKની થેલીમાં રૂ.૫૦૦નો વધારો, હવે રૂ.૨૪૫૦માં મળશે

સુરત, તા. ૧૬



રવિ સીઝન શરૂ થવાના આરે જ ઈફકો દ્વારા એનપીકે ખાતરના ભાવમાં પ્રતિ થેલી રૂ.૫૦૦નો વધારો કરવામાં આવતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી રૂ.૧૯૫૦માં મળતી એનપીકે ખાતરની ૧૨:૩૨:૧૬ અને ૧૦:૨૬:૨૬ ગ્રેડની થેલી હવે રૂ.૨૪૫૦માં મળશે. એકસાથે થયેલા આ ભાવવધારાથી ખેડૂતોના ખેતી ખર્ચમાં મોટો વધારો થવાની શક્યતા છે. રાજ્યમાં ઘઉંના વાવેતરની સિઝન નજીક છે, જ્યારે દક્ષિણ ગુજરાતમાં શેરડીનું વાવેતર પણ મોટા પાયે થઈ રહ્યું છે. આવા સમયે ખાતરના ભાવ વધતાં ખેડૂતોની આર્થિક મુશ્કેલીઓ વધી શકે છે. યુરિયા પર સરકારી સબસિડી મળતી હોવા છતાં પોટાશની આયાત અને વૈશ્વિક બજારમાં ભાવવધારાને કારણે ખાતરના ખર્ચ પર અસર પડી રહી છે.

મહારાષ્ટ્રમાં એમએલસી ચૂંટણી પહેલાં મહાયુતિમાં મતભેદ

મુંબઈ, તા.૧૬

મહારાષ્ટ્ર વિધાન પરિષદની પાંચ બેઠકોની ચૂંટણી પહેલાં શાસક મહાયુતિ ગઠબંધનમાં મતભેદો સપાટી પર આવ્યા છે. પુણે શિક્ષક મતવિસ્તારમાં નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ભાજપના ઉમેદવાર કૌસ્તુભ ગાવડે સામે ચૂંટણી લડી રહેલા અપક્ષ ઉમેદવાર સચિન સનપને ૧૦૦ ટકા ટેકો જાહેર કર્યો છે. શિવસેના આ બેઠક પર પોતાના ઉમેદવારને ઉતારવા માગતી હતી, પરંતુ ભાજપે ગાવડેને મેદાનમાં ઉતાર્યા હતા. બીજી તરફ, અમરાવતી બેઠક પર પણ ભાજપના બળવાખોર ઉમેદવાર શિવસેનાના ઉમેદવારને પડકાર આપી રહ્યા છે. આ ઘટનાક્રમથી ગઠબંધનના આંતરિક મતભેદો સ્પષ્ટ થયા છે. જોકે, શિંદેએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે મહાયુતિ પાંચેય બેઠકો જીતશે.

સીજેપીના આંદોલન પાછળ એલોન મસ્ક હોવાનો બ્રિજભૂષણનો આરોપ


ઉન્નાવ, તા.૧૬



ભાજપના વરિષ્ઠ નેતા બ્રિજભૂષણ શરણ સિંહે સીજેપીના આંદોલનને દેશવિરોધી ષડયંત્ર ગણાવી એલોન મસ્કના ઈશારે ચાલતું હોવાનો આરોપ લગાવ્યો છે. બીજી તરફ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વિરોધ પ્રદર્શનોને લઈને કોંગ્રેસ અને તેના સાથી પક્ષોની ટીકા કરી હતી. દરમિયાન, સીજેપીએ મુંબઈના આઝાદ મેદાનમાં ત્રિરંગા માર્ચ યોજવાની પરવાનગી માંગી છે, જ્યારે દિલ્હીમાં પરવાનગી ન મળતાં સુરક્ષા વ્યવસ્થા કડક કરાઈ છે. કનોટ પ્લેસ અને સેન્ટ્રલ પાર્ક વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત વધારાયો છે તથા સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.

યમનમાં હુથી દળોએ રાષ્ટ્રપતિ મહેલને નિશાન બનાવતા બે સુરક્ષાકર્મીઓનાં મોત નિપજ્યા

એડન, તા.૧૬



એડન, તા. ૧૬: યમનમાં હુથી બળવાખોરો અને સાઉદી અરેબિયા વચ્ચે વધતા તણાવ વચ્ચે એડનના અલ-માશિક રાષ્ટ્રપતિ મહેલને નિશાન બનાવી હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં બે સુરક્ષાકર્મીઓનાં મોત થયાં અને છ અન્ય ઘાયલ થયા હતા. યમનના યુવા મંત્રી નાયફ સાલેહ અલ-બકરીએ જણાવ્યું કે તમામ કેબિનેટ મંત્રીઓ સુરક્ષિત છે અને સરકારના સભ્યો શહેર છોડશે નહીં.

હુથી લશ્કરી પ્રવક્તા યાહ્યા સરીએ દાવો કર્યો કે બેલિસ્ટિક મિસાઈલો, ક્રૂઝ મિસાઈલો અને ડ્રોન દ્વારા સાઉદી અરેબિયાની તેલ સુવિધાઓ તથા રિયાધના કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય વિમાનમથકને નિશાન બનાવવામાં આવ્યાં હતાં. જોકે, આ દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી. બીજી તરફ, સાઉદીના નેતૃત્વ હેઠળના ગઠબંધને મિસાઈલો અને ડ્રોનને નિષ્ક્રિય કર્યાનો દાવો કર્યો છે. વધતા સંઘર્ષથી પ્રાદેશિક સુરક્ષા, ઊર્જા પુરવઠા અને લાલ સમુદ્રના દરિયાઈ વેપાર અંગે ચિંતા વધી છે. યમનમાં સંઘર્ષ ૨૦૧૪માં હુથીઓએ સના પર કબજો મેળવ્યા બાદ તીવ્ર બન્યો હતો.

અમેરિકાની પ્રાથમિક શાળામાં સગીરે ગોળીબાર કરતા ત્રણ બાળકો સહિત પાંચનાં થયા મોત

વોશિંગ્ટન, તા.૧૬



અમેરિકાના ઓરેગોન રાજ્યના બેન્ડ શહેરમાં આવેલી સિલ્વર રેલ પ્રાથમિક શાળામાં ૧૬ વર્ષના કિશોરે ગોળીબાર કરતાં ત્રણ બાળકો સહિત પાંચ લોકોનાં મોત થયાં હતાં. મૃતકોમાં એક શિક્ષકનો પણ સમાવેશ થાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાખોર પણ ઘટનાસ્થળે મૃત હાલતમાં મળી આવ્યો હતો. જોકે, તેનું મોત કેવી રીતે થયું તે અંગે સ્પષ્ટતા થઈ નથી.

બેન્ડના પોલીસ વડા માઈક કાન્ટ્ઝે જણાવ્યું કે મૃત બાળકોની ઉંમર પાંચ, આઠ અને અગિયાર વર્ષ હતી. આ ઉપરાંત સાત વર્ષના એક બાળક અને ૫૪ વર્ષના શિક્ષકને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાખોર શાળાના બંધ દરવાજા પર ગોળીબાર કરીને અંદર ઘૂસ્યો હતો. ગુરુવારે બપોરે ૧૨:૫૯ વાગ્યે પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાને બંધ કરી તપાસ શરૂ કરાઈ હતી. પોર્ટલેન્ડથી આશરે ૧૬૦ કિલોમીટર દૂર આવેલા બેન્ડની આ શાળામાં કિન્ડરગાર્ટનથી પાંચમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. પોલીસ ઘટનાની વધુ તપાસ કરી રહી છે.

શિક્ષણ જગતને શર્મસાર કરતી ઘટના, પોલીસે આરોપી શિક્ષકની અટકાયત કરી

જાફરાબાદ પંથકની સરકારી શાળાના શિક્ષકે ૪ વિદ્યાર્થિનીઓ સાથે અડપલા કર્યાની ફરિયાદ

જાફરાબાદ,તા.૧૬

જાફરાબાદ પંથકમાં શિક્ષણ જગતને શર્મસાર કરતી એક ગંભીર ઘટના સામે આવી છે. જેમાં એક સરકારી શાળામાં ફરજ બજાવતા શિક્ષક દ્વારા ધોરણ-૮માં અભ્યાસ કરતી ચાર વિદ્યાર્થિનીઓનું છેલ્લા આશરે બે વર્ષથી જાતીય શોષણ કરવામાં આવતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. શિક્ષક ચા બનાવવાના બહાને વિદ્યાર્થિનીઓને બોલાવી તેમની સાથે અયોગ્ય વર્તન અને દુષ્કર્મ આચરતો હોવાની વિગતો સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ મામલે જાફરાબાદ ટાઉન પોલીસે પોક્સો એક્ટ અને દુષ્કર્મ સંબંધિત ફરિયાદ નોંધી આરોપીની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. આરોપી તરીકે રામશંકર બટુકભાઈ પંડ્યાનું નામ સામે આવ્યું છે. આરોપી હાલ જાફરાબાદ પંથકના એક ગામની સરકારી શાળામાં ધોરણ-૨માં શિક્ષક તરીકે ફરજ બજાવતો હોવાનું જાણવા મળ્યું છે. તે મૂળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના વેળાવદર ગામનો રહેવાસી છે. આ ઉપરાંત આરોપી અગાઉ ગીર સોમનાથ જિલ્લામાં પોલીસ કર્મચારી તરીકે પણ ફરજ બજાવી ચૂક્યો હોવાનું સામે આવ્યું છે. શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રમાં ફરજ બજાવતા વ્યક્તિ સામે આ પ્રકારના ગંભીર આક્ષેપો સામે



આવતા લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે. આ મામલે રાજુલાના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ નયના ગોરડિયાએ જણાવ્યું હતું કે, ગઈકાલે જાફરાબાદ ટાઉન પોલીસ મથકમાં પોક્સો એક્ટ અને દુષ્કર્મ સંબંધિત ફરિયાદ નોંધવામાં આવી હતી. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીના જણાવ્યા મુજબ, છેલ્લા ઘણા સમયથી તેના શિક્ષક દ્વારા તેની સાથે અવારનવાર શારીરિક અડપલાં કરવામાં આવતા હતા. તેમજ ગત તા. ૨૧ જુલાઈના રોજ તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની પણ ફરિયાદમાં વિગતો સામે આવી છે. ડિવાયએસપી નયના ગોરડિયાએ વધુમાં જણાવ્યું હતું કે, શિક્ષક દ્વારા આશરે બે વર્ષથી વિદ્યાર્થિનીઓ સાથે આ પ્રકારનું કૃત્ય કરવામાં આવતું હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે. જોકે, વિદ્યાર્થિનીઓએ શરૂઆતમાં આ અંગે કોઈને જાણ કરી ન હતી. આ દરમિયાન અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ચલાવવામાં આવતા 'મિશન સ્માઈલ' કાર્યક્રમ અંતર્ગત પોલીસ ટીમ દ્વારા શાળાઓમાં ગુડ ટચ અને બેડ ટચ અંગે જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમો દ્વારા બાળકોને પોતાના શરીરની સુરક્ષા, અયોગ્ય સ્પર્શ અને આવી ઘટનાઓ અંગે વિશ્વાસુ વ્યક્તિને જાણ કરવાની સમજ આપવામાં આવી હતી. આ જાગૃતિના પરિણામે વિદ્યાર્થિનીઓમાં હિંમત આવી હતી અને તેમણે પોતાની સાથે બનેલી ઘટનાની જાણ વાલીઓને કરી હતી. ત્યારબાદ વાલીઓએ પોલીસનો સંપર્ક કરતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી છે અને વધુ તપાસ શરૂ કરી છે.

રાજકોટમાં પ્રેમલગ્નની અદાવતમાં બનેવીની હત્યા કરનાર આરોપી સાળો ઝડપાયો

રાજકોટ, તા.૧૬



રાજકોટના ભક્તિનગર સર્કલ નજીક ૨૪ સપ્ટેમ્બરે ૨૭ વર્ષીય વિમલ વાણીયાની છરીના ઘા ઝીંકી હત્યા કરવાના કેસમાં કાઇમ બ્રાન્ચે મુખ્ય આરોપી કમલેશ ઘાંઘળ (ઉં.વ. ૨૫)ને ઝુવાડવા નજીકથી ઝડપી પાડ્યો છે. વિમલે સાત વર્ષ પહેલાં કમલેશની બહેન શીતલ સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં. લગ્નની અદાવતમાં કમલેશે બે સાગરીતો સાથે હુમલો કર્યાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે અગાઉ એક મદદગારની ધરપકડ કરી હતી, જ્યારે અન્ય એક આરોપીની શોધખોળ ચાલુ છે.

કલોલના છત્રાલ જીઆઈડીસીની ફેક્ટરીમાં બોયલર વેસલ ફાટતાં ચાર કામદારોનાં મોત

ગાંધીનગર, તા.૧૬

કલોલ તાલુકાના છત્રાલ જીઆઈડીસીમાં આવેલી કોવિકા ડાઈઝ કંપનીના કેમિકલ પ્લાન્ટમાં રિડક્શન વેસલમાં અચાનક પ્રેશર વધી જતાં બ્લાસ્ટ થયો હતો. આ દુર્ઘટનામાં ચાર પરપ્રાંતીય કામદારોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. મૃતકોમાં વિનોદકુમાર સિંહ, ટેડા દેહારી, લભણ મીણા અને સિકંદર દેહરીનો સમાવેશ થાય છે. પ્રાથમિક માહિતી મુજબ, કર્મચારીઓ કામ કરી રહ્યા હતા ત્યારે વેસલમાં દબાણ અનિયંત્રિત થતાં અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસ,



ફાયર બ્રિગેડ, પ્રાંત અધિકારી, મામલતદાર અને એફએસએલની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર પણ ઘટનાસ્થળે જવા રવાના થયા હતા. પોલીસે તપાસ શરૂ કરી છે. કલોલ તાલુકાના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. ગઢવીએ જણાવ્યું હતું કે વેસલમાં ખામી સર્જાતાં અકસ્માત થયો હોવાની પ્રાથમિક માહિતી છે. જોકે, દુર્ઘટનાનું ચોક્કસ કારણ એફએસએલની તપાસ બાદ સ્પષ્ટ થશે.

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર ૨૩ ઓક્ટોબરથી હસ્તકલાનો મહાકુંભ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૨૩ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન 'સાબરમતી ૨૦૨૬' નામના આઠ દિવસીય હસ્તકલા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય ફેશન પ્રૌદ્યોગિકી સંસ્થા, ગાંધીનગર દ્વારા યોજાનારા આ મહોત્સવમાં દેશભરના ૧૦૦થી વધુ કારીગરો, કલાકારો તથા વિદ્યાર્થીઓ ભાગ લેશે. 'વારસામાં મૂળ, આવતીકાલ માટે નવી કલ્પના' વિષય સાથે યોજાનારા મહોત્સવમાં ભારતીય હસ્તકલાના સમૃદ્ધ વારસાને આધુનિક કલાત્મક અભિગમ સાથે જોડવાનો પ્રયાસ કરાશે. બાંધણી, કાપડ પર છાપકામ અને માટીકામ જેવી પરંપરાગત કળાઓનું જીવંત પ્રદર્શન થશે. હસ્તકલા બજાર ઉપરાંત પરિસંવાદ, ચર્ચાસત્રો, તાલીમ કાર્યશાળાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. ૩૦ ઓક્ટોબરે સમાપન સમારોહ યોજાશે.

અમદાવાદમાં ગરબા પંડાલમાં ઓળખ છુપાવી અંદર પ્રવેશતા બે વિધર્મીઓને માર મરાયો

અમદાવાદ, તા.૧૬



અમદાવાદના વટવા વિસ્તારમાં આવેલા દ્વારકેશ ફાર્મ ખાતે ગરબા કાર્યક્રમમાં ઓળખ છુપાવીને પ્રવેશવાનો પ્રયાસ કર્યાના આક્ષેપસર બે મુસ્લિમ યુવકોને કેટલાક લોકોએ પકડી લીધા હતા. અહેવાલો અનુસાર, સલમાન નામના યુવકે રાહુલ તરીકે ઓળખ આપી હતી, જ્યારે તેની સાથે કબીર નામનો યુવક હતો. શંકા જતાં બજરંગ દળના કાર્યકરોએ બંનેની પૂછપરછ કરી હતી અને માર માર્યા બાદ પોલીસને સોંપ્યા હતા. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. બીજી તરફ, અમદાવાદમાં યોજાયેલા ગરબા કાર્યક્રમમાં બિનહિન્દુઓ અને મુસ્લિમોને સ્થળ છોડવા જણાવવાના મુદ્દે લોકગાયક આદિત્ય ગઢવીએ અસંમતિ વ્યક્ત કરી હતી. શેલા રોડ પર આવેલા સવાના પાર્ટી પ્લોટમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન એન્કર-આરજે આકાશ ત્રિવેદીએ બિનહિન્દુઓ અને મુસ્લિમોને સ્થળ છોડવા વિનંતી કરતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

રાજ્ય સરકારનો મોટો નિર્ણય: બાંધકામ સાઈટ પર શ્રમિકોને ફૂડ વેનથી ભોજન પહોંચાડાશે

અમદાવાદ, તા.૧૬



ગુજરાત સરકાર દ્વારા શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ શ્રમિકોને માત્ર રૂ. પના ટોકન દરે ભોજન આપવામાં આવે છે. હવે રાજ્યમાં વધુ ૧૦૧ નવા શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રો શરૂ કરવાનું આયોજન છે. આ ઉપરાંત, બાંધકામ સાઇટ પર ફૂડ વેન મારફતે ભોજન પહોંચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે. વર્ષ ૨૦૧૭માં શરૂ થયેલી આ યોજના હેઠળ અત્યાર સુધીમાં પાંચ કરોડથી વધુ ભોજનનું વિતરણ કરાયું છે, જેના માટે અંદાજે રૂ. ૨૯૩ કરોડનો ખર્ચ થયો છે. રાજ્ય સરકારના સેક્રેટરી લોચન શહેરાના જણાવ્યા મુજબ, હાલમાં ૨૦ જિલ્લાઓમાં આ યોજના કાર્યરત છે. નવા કેન્દ્રો શરૂ થતાં દૈનિક ભોજન વિતરણમાં ૧૦ હજારનો વધારો થઈ ૪૫ હજારનું વિતરણ થવાની શક્યતા છે. જ્યાં ૫૦૦થી વધુ શ્રમિકો લાભ લેવા ઇચ્છતા હોય, ત્યાં કામના સ્થળે જ ભોજન પહોંચાડવાની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

વાવ-થરાદમાં પિતાએ અઢી વર્ષના પુત્રને પેટ્રોલ છાંટી સળગાવી નાખતા અરેરાટી

પાલનપુર, તા.૧૬

વાવ-થરાદ જિલ્લામાં અઢી વર્ષના બાળકને પેટ્રોલ છાંટી સળગાવી હત્યા કરવાના ચકચારી બનાવમાં પોલીસે પિતા અશોક જીતાભાઈ રાવલની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ત્રણ મહિના પહેલાં પત્ની સાથે ઝઘડો થતાં તે પિયર જતી રહી હતી, ત્યારથી બાળકની સંભાળની જવાબદારી પિતા પર હતી. આરોપીએ બાળકને હોસ્પિટલમાં લઈ જતાં તબીબોએ મૃત જાહેર કર્યો હતો. ત્યારબાદ અંતિમ સંસ્કાર કરી પુરાવા છુપાવવાનો પ્રયાસ કર્યાનું સામે આવ્યું છે. આરોપીના કાકા બાબુભાઈ રાવલે પોલીસને જાણ કરતાં તપાસ શરૂ થઈ હતી. પોલીસે બાળકનો મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ



માટે મોકલી આપ્યો છે. કેસમાં વધુ તપાસ ચાલુ છે.

સુરતના વેલંજામાં ગરબા રમતી વખતે રત્નકલાકારને હાર્ટ એટેક આવતા મોત

સુરત, તા.૧૬

સુરતના વેલંજા વિસ્તારમાં આવેલી નીલકંઠ વરણી સોસાયટીમાં ગરબા રમતી વખતે ૩૯ વર્ષીય રત્નકલાકાર અજયભાઈ અકબરીનું અચાનક મોત નીપજ્યું હતું. ગરબા રમતાં તેમને છાતીમાં દુખાવો અને ગભરામણ થતાં તેઓ જમીન પર ઢળી પડ્યા હતા. પરિવારજનો તેમને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં



તબીબોએ મૃત જાહેર કર્યા હતા. મૂળ જામજોધપુરના વતની અજયભાઈ ત્રણ સંતાનોના પિતા હતા. તેમના અચાનક અવસાનથી પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

સુરતના ભટલાઈ ગામે સ્પીકરનો અવાજ ધીમો કરવાનું કહેતાં વૃધ્ધની હત્યા, ત્રણ આરોપી ઝડપાયા

સુરત, તા.૧૬

સુરતના ભટલાઈ ગામમાં સ્પીકરનો અવાજ ધીમો કરવા કહેવા જેવી બાબતે ૭૧ વર્ષીય નગીનભાઈ પટેલની હથોડીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી. ૧૪ ઓક્ટોબરે બનેલી આ ઘટનામાં ઈચ્છાપોર પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણ આરોપીઓ સુવેન્દુ હોનાગા (ઉં.વ. ૨૬), શંકરસિંગ સી બુ સિં ગ (ઉં.વ. ૩૪) અને સંતુ ઉર્ફે સુપ્રિયો હોનાગા (ઉં.વ. ૨૬)ને ઝડપી પાડ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, સ્પીકરનો અવાજ ઓછો કરવા સમજાવતાં બોલાચાલી થઈ હતી, જે બાદ વૃધ્ધ પર હુમલો



કરાયો હતો. સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે આરોપીઓને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે.



આમ જનમત પાર્ટી સામે રૂ. ૨૫૦ કરોડના કથિત ટેક્સ કૌભાંડનો આરોપ, ૭ લોકો સામે ફરિયાદ

અમદાવાદ, તા.૧૬



અમદાવાદમાં આમ જનમત પાર્ટી સાથે જોડાયેલા રૂ. ૨૫૦ કરોડના કથિત ટેક્સ કૌભાંડ મામલે આવકવેરા વિભાગે સાત વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી છે. તપાસમાં બોગસ ડોનેશન, ખોટા ખર્ચ અને બનાવટી ઓડિટ રિપોર્ટ રજૂ કર્યાના આક્ષેપો થયા છે. પાર્ટીના હોદ્દેદારો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સહિતના લોકોની ભૂમિકાની તપાસ ચાલી રહી છે. વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ દરમિયાન રૂ. ૮૪૩ કરોડથી વધુના શંકાસ્પદ નાણાકીય વ્યવહારો થયાનું તપાસમાં સામે આવ્યું છે. જોકે, કથિત કૌભાંડ અંગેની તપાસ બાદ વધુ વિગતો સ્પષ્ટ થશે.

